श्रीशंकर

शुक्लयजुर्वेदीयरुद्राष्टाध्यायी ।

શુકલ યજુર્વેદની અષ્ટાધ્યાયી રુદ્રીનું મૂળ
સહિત શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.



શાસ્ત્રી નાથજી વિ. મોહનજી વ્યાસ. બી. એ.

કિમત આઠ આના.

शुक्लयजुर्वेदीयरुद्राष्टाध्यायी ।

(શુકલ યજુર્વેદની અષ્ટાધ્યાયી રુદ્રીનું મૂળ સહિત શુદ્ધ ગુજરાતી ભાષાન્તર.)

કર્તા,

શાસ્ત્રી નાથજી વિ. મોહનજી વ્યાસ. બી. એ.,

પૂર્વે " પી. ઈ. સંસ્કૃત કલાસ " ના માલેક તથા અધ્યાપક; હાલ "એસ્પ્લેનેડ હાઇસ્કૂલ"ના સીનીઅર સંસ્કૃત શિક્ષક તથા ધર્મોપદેશક, " કોટ સંસ્કૃત શાળા " ના શાસ્ત્રી તથા " ન્યુ હાઇસ્કૂલના" મેટ્રીક-ગુજરાતી શિક્ષક, મુંબઈ.

આવૃત્તિ પહેલી.

મુંબઈ,

"નિર્ણયસાગર" છાપખાનામાં છાપ્યું.

સંવત્ ૧૯૬૨. સન ૧૯૦૬.

સોલ એજન્ટસઃ—મે. શંકરલાલ. એન. વ્યાસની કં૦

નં. ૩૫૬. કોટ બજારગેટ, મુંબઇ.

કિંમત આઠ આના.

અર્પણપત્રિકા.

રા. રા. નર્મદાશંકર હરજીવન જોશી.

આપ વેપારના કામકાજની

અનેક જંજાળમાં ગુંથાયલા હોવા છતાં

સનાતન વેદના પુસ્તકનું ગુજરાતી ભાષાન્તર

થવાની અત્યંત ઉત્કંઠા રાખી ઉત્તેજન આપો

છો તેથી, તથા આપની મારા પ્રત્યેની

અખૂટ પ્રીતિનું સ્મરણ રાખવા સારૂ

આ લઘુ પુસ્તક હું આપને

અર્પણ કરૂંછું.

લા. આપનો પરમસ્નેહી,

શાસ્ત્રી નાથજી વિ. મોહનજી.

મુંબઇના માનવંત તથા પ્રસિદ્ધ શાસ્ત્રીઓના અભિપ્રાયો નીચે પ્રમાણે છે;—

મુંબઇ, તા. ૨૭–૧–૦૬.

શાસ્ત્રી નાથજી વિ. મોહનજી,

વિશેષ વિદિત કરવાનું જે અમે "શુકલયજુર્વેદીય અષ્ટાધ્યાયી રૂદ્રીનું" મૂળસહિત ભાષાન્તર તમોએ કર્યું છે, તે તપાસ્યું છે. સમગ્રરીતે જોતાં તે ઉત્તમ કાર્ય થયું છે. જેઓ અર્થરહિત પાઠ કરતા હતા, તેમને આ પુસ્તકથી જે તમે સારો લાભ આપ્યો છે, તે ઘણું સ્તુતિપાત્ર કાર્ય છે, તથા તેમને એ ઘણું ઉપયોગી થઈ પડશે એવી અમારી ખાત્રી છે.

(સહી) શાસ્ત્રી. **રણછોડજી ઓધવજી.**

"વૈયાકરણ કેસરી."

તથા (સહી) **શાસ્ત્રી પ્રાણજીવન હરિહર.**

ગુજરાતી પ્રેસના શાસ્ત્રી.

શાસ્ત્રી નાથજી વિ. મોહનજી,

તમારા **રુદ્રાધ્યાયના** પુસ્તકનું **સમૂલ ભાષાન્તર** જોતાં જણાય છે કે, તે ઘણું ઉપયોગી પુસ્તક છે. ગુજરાતી ભાષામાં તેની પહેલ કરવાની જરૂર હતી. વળી દ્વિજોને–તેમાં વિશેષે કરીને બ્રાહ્મણોને તેનો અર્થસહિત પાઠ કરવામાં ઘણો લાભ થશે; મને આશા છે કે તમારો પરિશ્રમ સફળ થશે. એજ

(સહી) **જીવરામ જયશંકર શાસ્ત્રી.**

પ્રસ્તાવના.

સામ્પ્રત કાળમાં દિન પ્રતિદિન અનેક પુસ્તકોની ગુજરાતી ભાષામાં વૃદ્ધિ થતી જાય છે, અને ભવિષ્યમાં એથી પણ વિશેષ થશે એમ માનવું અશકય નથી, કારણ કે પાશ્ચિમાત્ય સાધનોએ આવા કામને ઘણું ઉત્તેજન આપેલું છે. પુસ્તકો વૃદ્ધિ પામે છે એ વાત તો ખરી, પરન્તુ તે પુસ્તકો જો નવીનતા બતાવનારાં હોય તો લોકોને લાભકારક થઈ પડે; આવા હેતુથીજ આ પુસ્તક રચવામાં આવ્યું છે.

સામાન્ય રીતે સૌ જાણે છે કે આર્યોના ધર્મની ઉત્પત્તિ વેદમાંથી છે, કારણ કે શાસ્ત્રકારો वेदोऽखिलो धर्ममूलम् એટલે સમગ્ર વેદ ધર્મનું મૂળ છે, એમ કહી ગયા છે. વેદની મહત્તા અને માન્યતાનો ખરો સમય તો ગયો; હાલ તો સામાન્ય લક્ષ પણ આપવામાં આવતું નથી. ભણવા ભણાવવાની વાત મંદ પડી ગઈ છે અને ભવિષ્યમાં શી અવસ્થા થશે તેની કલ્પના કરવી પણ કઠણ છે. દેશકાળ એટલો બધો બદલાઈ ગયો છે કે પાશ્ચિમાત્યોની કેળવણી પામેલા આર્ય વિદ્વાનો આ ધર્મના મૂળને તિરસ્કારની નજરે જુએ છે, તથા તેના ઉપર ટીકા કરવા તથા ફાવે તેમ બોલવા તત્પર થઇ જાય છે. કેટલાક એમ કહે છે કે એતો જંગલમાં રહેનારા ઋષિ મુનિયો જેમ ગમે તેમ નાના બાળકની પેઠે બોલી ગયા છે તથા લખી ગયા છે. વળી કેટલાક એટલું બધું બોલવાની હિમ્મત ધરે છે કે “ બેઠો માળો બાંધવા ” એમાં અને વેદના સૂક્તમાં કંઈ ભેદ નથી, કારણ કે એક ગુજરાતી ભાષામાં છે અને બીજું સંસ્કૃત ભાષામાં છે. મારે આ સ્થળે જણાવવું જોઈએ કે એવું બોલનારા કેટલાક વિદ્વાનોએ એજ

વેદોનું અંગ્રેજી અભ્યાસની સાથે, રાત્રિના ઝાંખા દીવાપાસે, ચોટલી બાંધી અધ્યયન કરી તથા તેમાંથી પુસ્તકો રચી પોતાનું સારૂં પોષણ મેળવેલું છે, છતાં ઉપર પ્રમાણે કહે છે તથા કહી ગયા છે. પોતાનું પોષણ આપનાર ગૃહસ્થનું બુરૂં બોલનાર જેમ કૃતઘ્ન ગણાય છે, તેમ તેઓને પણ આપણે શા માટે કૃતઘ્ન ન ગણવા? પણ આ બાબતમાં તેઓનો અપરાધ એક મોટા કારણને લીધે ગૌણ ગણાય છે, કારણકે **राजा कालस्य कारणम्** એટલે રાજા સમયનો ફેરફાર કરવામાં કારણભૂત છે.

આપ્રમાણે દેશની સ્થિતિ છે, છતાં શ્રદ્ધાવાળા જનો કંઈ ઓછા નથી. અહીં રા. રા. શેઠ દેવકરણ નાનજી ગુપ્ત. જે. પી. નું દૃષ્ટાંત આપું તો ખોટું નથી, કારણ કે તેઓ દરમાસે રુદ્રીના સંખ્યાબંધ પાઠો બ્રાહ્મણોદ્વારા કરાવે છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. અનેક દ્વિજો રુદ્રાધ્યાયનો નિત્યપાઠ કરે છે, અને બ્રાહ્મણોને માટે તો તે આવશ્યક છે; પરન્તુ તેઓ પાઠ કરે છે ત્યારે મન્ત્રોના સામાન્ય અર્થનું પણ તેમને ભાન થતું નથી, અને અર્થ જાણ્યા વગર વેદ મન્ત્રનો પાઠ કરવાથી તે નિષ્ફળ નીવડે છે, એમ શાસ્ત્રમાં કહેલું છે. આવાજ હેતુથી આ સ્વાધ્યાયના પુસ્તકનું ગુજરાતી ભાષાન્તર કરવામાં આવ્યું. છે. **સાયણ** તથા **મહીધરની** સંસ્કૃત ટીકાનો આધાર લઈ આ અનુવાદ કરવામાં આવ્યો છે. ભાષાન્તર શિવાય બીજું કંઇ પણ વિશેષ નથી લખ્યું તેનું કારણ માત્ર તો એજ છે કે નિત્ય સ્વાધ્યાય કરવાના પુસ્તકમાં જેવી તેવી કલ્પનાઓ કરી પુસ્તકનું દળ વધારવું તે નિરર્થક છે. પાઠ કરનારાઓ માત્ર મૂળ વાંચી, શુદ્ધ અર્થથી જો માહિતગાર થાય, તો કીધેલા પ્રયાસનો બદલો મળે, તેમજ પાઠ કરનારને અર્થ જાણવાથી ખરૂં પાઠ કરવાનું ફળ મળે, એવા આશયથી ભાષાન્તર કરવામાં આવ્યું છે. **મહાભાષ્યમાં** લખ્યું છે કે

यदधीतमविज्ञातं निगदेनैव शब्दते। अनग्नाविव शुष्कैधो न तज्ज्वलति कर्हिचित्—એટલે જેમ સુકાં લાકડાં અગ્નિ-વગર કદી પણ જગતાં નથી—પ્રકાશ આપતાં નથી—તેમ અર્થ જાણ્યા વગર જે પાઠ કરવામાં આવે છે તે નિષ્ફળ થાય છે. વળી જેઓ " અર્થ જાણ્યા વગર પઠન, પાઠન, જપ, હોમ, યજન, યાજન વગેરે કરે છે, તેઓ નિર્બળ તથા તેજહીન થાય છે, તેઓને વિઘ્નો નડે છે તથા ખાડામાં પડે છે, મૂઢ થાય છે અથવા પાપી થઈ મરણ પામે છે, " એવું કાત્યાયન સૂત્રમાં લખ્યું છે. તેમજ ઋષિમુનીઓ લખી ગયા છે કે જેઓ અર્થના જ્ઞાન પૂર્વક પાઠ કરે છે, તેઓ અત્યંત બળવાન તથા તેજસ્વી થાય છે. જ્યારે શાસ્ત્રોમાં આ પ્રમાણે લખ્યું છે, ત્યારે પ્રત્યેક પાઠ કરનારે અર્થ સહિત શામાટે પાઠ ન કરવો ?

રુદ્રીનું આ ગુજરાતી ભાષાન્તર પહેલવહેલું છે. વેદના શબ્દોનો અર્થ કરવામાં ઘણી અડચણ પડે છે, તોપણ સંસ્કૃત ટીકાઓને આધારે બનતાં સુધી વિચારપૂર્વક શબ્દાર્થ કરવામાં આવ્યો છે. વેદના મૂળ મંત્રો છપાવવામાં તથા સુધારવામાં ઘણી સંભાળ રાખવી પડે છે, કારણ કે બીજી ભાષાના લખાણ જેવી એમાં સહેલાઈ નથી. આ સઘળી બાબત ઉપર પુરતું ધ્યાન આપવામાં આવ્યું છે, છતાં માણસની ભુલો થાય તેમાં નવાઈ નથી, માટે સમજુ વાચકોએ જે જે ભુલો જણાય તેની સૂચના કરવા કૃપા કરવી તથા ક્ષમાદૃષ્ટિ રાખવી એજ અનુવાદકનો ઉદ્દેશ છે.

પ્રસ્તાવનાના અંતમાં મારે કેટલાક પુરૂષોનું સ્મરણ રાખવાની જરૂર છે, કારણ કે આ કાર્ય અધુરૂં હતું ત્યારે અણધારી માંદગીને વખતે ડા. **પોપટ પ્રભુરામે**, ડા. **કાશીનાથ ગોપાળ સાઠેએ** તથા ડા. **શ્રીપાદ ગોવિંદ રાનડેએ** મને

ભયંકર માંદગીમાંથી સ્વસ્થ કરી આ પુસ્તક પરિપૂર્ણ કરવાને સમર્થ કર્યો છે એટલા માટે હું તેમનો આ સ્થળે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

તે ઉપરાન્ત ભાષાન્તર કરવામાં તથા પ્રુફો સુધારવાના કામમાં મારા લઘુ બંધુ શાસ્ત્રી. **શિવશંકર વિ. જયાનંદ** ભટ્ટે તથા વૈદરાજ **જાદવજી ત્રિકમજી**એ પોતાના અમૂલ્ય વખતના ભોગે જે મને સહાયતા આપી છે, તેને માટેપણ તેઓનો મારા ઉપર ઘણો ઉપકાર થયો છે.

કેટલાક માનવંત શાસ્ત્રીઓએ પોતાના અભિપ્રાયો આપેલા છે, તે ઉપકારસહિત માન્ય કરી, આ પુસ્તકમાં છપાવ્યા છે.

નં. ૧૫૧.૫૩. કોટ, મુંબઈ.
સં. ૧૯૬૨, પૌષ વદ ૪, મકરસંક્રાન્ત.

શાસ્ત્રી-નાથજી વિ. મોહનજી.

परमात्मने नमः।

अथ

शुक्लयजुर्वेदीयरुद्राष्टाध्यायीप्रारंभः।

(શુક્લ યજુર્વેદની અષ્ટાધ્યાયી રુદ્રીનું મૂળસહિત
શુદ્ધ ગુજરાતી ભાષાન્તર)

અધ્યાય પહેલો.

गणानांत्त्वागणपति ᳪ हवामहेप्प्रियाणांत्त्वाप्प्रियपति ᳪ हवामहेनिधीनांत्त्वानिधिपति ᳪ हवामहेव्वसोमम॥ आहमजानिगर्ब्भधमात्त्वमजासिगर्ब्भधम्॥ १॥

હે મારા ધનરૂપી ગણેશદેવ! શ્રેષ્ઠોના પતિ એવા, પ્રિય જે દેવતાઓ (ઇન્દ્રાદિ) તેઓના જે પ્રિય (કાર્તિકસ્વામી વિગેરે) તેમના પતિ એવા, અને નિધિઓ એટલે યોગની સિદ્ધિઓ તેઓના પતિ એટલે દાતા એવા જે તમે તેમનું અમે આવાહન કરીએ છીએ; ગર્ભથી

ઉત્પન્ન થનારા એવા અમોને તમે ઉત્પન્ન કરેલા છે; હે જન્મરહિત ગણપતિ! તમે ગર્ભથી ઉત્પન્ન થયેલા નથી.૧.

गा॒य॒त्रीत्रि॒ष्टुप्जग॑त्यनु॒ष्टुप्प॒ङ्क्त्या॒स॒ह ॥
बृ॒ह॒त्यु॒ष्णिहा॑क॒कुप्प्सू॒चीभिः॑शम्म्यन्तु॒त्त्वा॥२॥

ગાયત્રી, ત્રિષ્ટુપ્, જગતી, અનુષ્ટુપ્, પંક્તિ, બૃહતી, ઉષ્ણિહા અને કકુભ્ એ છંદો, સૂચીઓ(સોયો) વડે અશ્વમેધના અશ્વનો સંસ્કાર કરો! ૨.

द्वि॒प॑दा॒याश्च॒तु॑ष्प॒दा॒स्त्रिप॑दा॒याश्च॒षट्प॑दाः॥
वि॒च्छ॑न्दा॒याश्च॒सच्छ॑न्दाःसू॒चीभिः॑शम्म्यन्तु॒त्त्वा ॥ ३ ॥

બે પાદવાળી, ચાર પાદવાળી, ત્રણ પાદવાળી, છ પાદવાળી, છન્દરહિત તથા છન્દવાળી છન્દની જાતિયો, હે અશ્વ! તમારો સૂચીઓવડે સંસ્કાર કરો! ૩.

स॒हस्तो॑माःस॒हछ॑न्दस॒ऽआवृ॑तः॒स॒हप्प्र॑मा॒ऽऋष॑यःस॒प्तदै॑व्याः ॥ पूर्व्वे॑षा॒म्पन्था॑मनु॒दृश्य॒धीरा॒ऽअ॒न्वाले॑भिरे॒र॒त्थ्यो॒नर॒श्म्मीन् ४

પીસ્તાળીશ સ્તોત્રસહિત, ગાયત્રી વિગેરે છન્દોસહિત, શ્રદ્ધા સત્ય વિગેરેનું અનુષ્ઠાન કરનારા, યજ્ઞનું પ્રમાણ જાણનારા, પ્રજાપતિસંબંધી જ્ઞાન ધરાવનારા, બુદ્ધિમાન્ ઋષિઓ પૂર્વપુરૂષોનો (પૂર્વના અંગિરા વિગેરે ઋષિઓનો) અનુષ્ઠાન માર્ગ ક્રમપૂર્વક જાણી લઇને,

જેમ સારથીઓ ઘોડાની લગામ સારી રીતે હાથમાં પકડી રથ હાંકવામાં પ્રવર્તે છે, તેમ તેઓ યજ્ઞના કામમાં પ્રવૃત્ત થતા હતા. ૪.

(હવે પછીના છ મન્ત્રોમાં યાજ્ઞવલ્ક્ય ઋષિ પોતાનું મન કલ્યાણકારી શિવના સંકલ્પવાળું થાય અને સદાય ધર્મમાં પ્રવર્તે અને ક્દી પણ પાપી ન થાય એટલા માટે કહે છે.)

ॐ यज्जाग्रतोदूरमुदैतिदैवन्तदुसुप्तस्यत थैवैति ॥ दूरङ्गमञ्ज्योतिषाञ्ज्योतिरेकन्तन्मे मनः शिवसङ्कल्पमस्तु ॥ ५ ॥

જે મન આત્મગ્રાહક હોઈ ચક્ષુરાદિક ઇન્દ્રિયોની અપેક્ષાથી જે પ્રકારે જાગ્રત અવસ્થામાં દૂરગામી થાયછે, અને સુષુપ્તિ અવસ્થામાં સમીપ રહેછે, અને જે દૂરગામી મન એકજ શ્રોત્રાદિક ઇન્દ્રિયનું પ્રકાશક છે, તેવું મારૂં મન કલ્યાણકારી સંકલ્પવાળું થાઓ ! ૫.

येनकर्म्माण्यपसोमनीषिणोयज्ञेकृण्वन्ति विदथेषुधीराः ॥ यदपूर्व्वंयक्षमन्तःप्रजाना न्तन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥ ६ ॥

સ્વકર્મનિષ્ઠ, યજ્ઞસંબંધી કામમાં તીવ્ર બુદ્ધિમાન્ અને મેધાવી એવા વીર પુરૂષો જે મનવડે યજ્ઞની અંદર કર્મો કરેછે, અને જે મન અપૂર્વ (સર્વ ઇન્દ્રિયોની પહેલાં સરજાયલું તથા આત્મરૂપ), યજ્ઞ કરવાને સમર્થ અને પ્રાણીમાત્રના શરીરની અંદર રહેલું છે, તે મારૂં મન કલ્યાણકારી સંકલ્પવાળું થાઓ ! ૬.

यत्प्रज्ञानमुतचेतोधृतिश्चयज्ज्योतिरन्तर मृतम्प्रजासु ॥ यस्मान्नऽऋतेकिञ्चनकर्म्म क्रियतेतन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥ ७ ॥

જે મન પ્રકૃષ્ટજ્ઞાનવાળું, સામાન્ય તથા વિશેષ જ્ઞાનવાળું, ધૈર્યવાળું, અમર (અમૃત) તથા પ્રાણીઓની અંદર રહેલું છે અને જેના વિના કંઈ પણ કર્મ થઈ શકતું નથી, તે મારૂં મન કલ્યાણકારી સંકલ્પવાળું થાઓ ! ૭.

येनेदम्भूतम्भुवनम्भविष्यत्परिगृहीतममृतेनसर्व्वम ॥ येनयज्ञस्तायतेसप्तहोतातन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥ ૮ ॥

જે અમૃત ધર્મવાળા મનવડે ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું સર્વ પ્રકારે જ્ઞાન થઈ શકે છે અને જેવડે સાત હોતા (દેવતાઓને બોલાવનારા મૈત્રાવરૂણ વગેરે) વાળો યજ્ઞ વિસ્તાર પામેછે, તે મારૂં મન કલ્યાણકારી સંકલ્પવાળું થાઓ ! ૮.

यस्मिन्नृचःसामयजूंषियस्मिन्प्रतिष्ठितारथनाभाविवाराः ॥ यस्मिंश्चित्तं सर्वमोतम्प्रजानान्तन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥ ૯ ॥

જેવી રીતે રથચક્રની નાભિમાં આરાઓ જડવામાં આવેછે તેમ જેની અંદર ઋગ્વેદ, સામવેદ અને યજુ-

વેદ પ્રતિષ્ઠિત થએલા છે, અને જે મનમાં સર્વ પ્રકારનું પ્રાણીમાત્રનું જ્ઞાન પરોવાયલું છે, તે મારૂં મન કલ્યાણુકારી સંકલ્પવાળું થાઓ. ૯.

सुषारथिरश्वानिवयन्मनुष्यान्नेनीयते-भीशुभिर्व्वाजिनऽइव ॥ हृत्प्रतिष्ठन्यदजिर-ञ्जविष्ठन्तन्मेमनः शिवसङ्कल्पमस्तु ॥ १० ॥

જેવી રીતે હુશીઆર સારથિ લગામવડે ઘોડાઓને નિયમમાં રાખીને પોતાને ધારેલે રસ્તે લઈ જાયછે, તેવી રીતે જે મન મનુષ્યોને પોતાના કામમાં દોરેછે, જે મન હૃદયમાં પ્રતિષ્ઠિત થએલું છે તથા જે અજર (વૃદ્ધાવસ્થારહિત) તથા અતિશય વેગવાળું છે, તે મારૂં મન કલ્યાણુકારી સંકલ્પવાળું થાઓ! ૧૦.

इति रुद्रे प्रथमोऽध्यायः ॥ १ ॥

એ પ્રમાણે ગુજરાતી ભાષાન્તરવાળી રુદ્રાષ્ટાધ્યાયીનો પહેલો અધ્યાય સંપૂર્ણ થયો. ૧.

अथ द्वितीयोऽध्यायः ।

हरिः ॐ ॥ सहस्रशीर्षापुरुषः सहस्राक्ष-ऽसहस्रपात् ॥ सभूमिꣳसर्व्वतस्पृत्वात्यतिष्ठ-द्दशाङ्गुलम् ॥ १ ॥

અધ્યાય ૨ જો.

હરિઃ ઓમ્

બ્રહ્માંડ દેહને ધારણ કરનાર આદિ પુરૂષને હજારો શીર્ષો (માથાં), હજારો આંખો તથા હજારો પાદ છે; તે બ્રહ્માંડમાં સર્વ સ્થળે વ્યાપીને તેની બહાર દસ આંગળ રહેલ છે. ૧.

पुरुषएवेद౷सर्व्वंयद्भूतंयच्चभाव्व्यम ॥
उतामृतत्वस्येशानोयदन्नेनातिरोहति ॥ २ ॥

આ વર્તમાન, ભૂત અને ભવિષ્ય જગત્, એ આદિપુરૂષના અવયવો છે; એ અમૃતપણાનો સ્વામી છે; કારણ કે તે પ્રાણીઓની ભોગ્ય વસ્તુથી કારણાવસ્થાનો ત્યાગ કરી જગદવસ્થાને પ્રાપ્ત કરે છે. ૨.

एतावानस्यमहिमातोज्यायाँश्चपूरुषः ॥
पादोस्यव्विश्वाभूतानित्रिपादस्यामृतन्दिवि ३

વર્તમાન, ભૂત, અને ભવિષ્ય જગત્ જેટલું છે તે તેનું સામર્થ્ય (મહિમા) છે, પરંતુ આદિ પુરૂષ તો આથી પણ ઘણોજ અધિક છે; આ વિશ્વના ત્રણ કાળની ભૂતપ્રાણીમાત્રની સૃષ્ટિ તો તેનો ચોથો ભાગ (પાદ) છે, અને બાકીના ત્રણ ભાગ તો તેના અવિનાશી છે અને તે ભાગ આકાશમાં સ્વપ્રકાશસ્વરૂપે રહેલ છે. ૩.

त्रिपादूर्ध्वऽउदैत्पुरुषःपादोस्येहाभवत्पुनः
॥ ततोव्विष्वङ्व्यक्रामत्साशनानशनेअभि४

તે આદિપુરૂષ પોતાના ત્રણ પાદથી આ સંસારની ઉપર બ્રહ્મસ્વરૂપે રહેલ છે, અને તેનું એક પાદ આ માયામય સંસારમાં રહેલું છે, અને ત્યાં માયામાં રહી અશન કરનારાં મનુષ્ય, પશુ, વિગેરે ચેતન પ્રાણીઓમાં તથા નહિ અશન કરનારાં અચેતન એવાં પર્વત, નદીઓ, વિગેરે સર્વ સ્થળે અનેકરૂપે વ્યાપીને રહેલ છે. ૪.

ततोविराडजायतविराजोऽअधिपूरुषः ॥
सजातोऽअत्यरिच्यतपश्चाद्भूमिमथोपुरः ॥५

તે આદિપુરૂષમાંથી દેહના અભિમાનવાળો (અત્યંત તેજસ્વી) વિરાટ્ પુરૂષ ઉત્પન્ન થયો; તે ઉત્પન્ન થઈને પછી પોતાથી વ્યતિરિક્ત (જુદા) દેવ, મનુષ્ય, વિગેરેમાં પ્રવેશ કરી તે ભાવે ભૂમિમાં વ્યાપ્ત થયો, અને ત્યારપછી સપ્ત ધાતુથી બનેલાં શરીરોમાં તેણે જીવરૂપે પ્રવેશ કર્યો. ૫.

तस्माद्यज्ञात्सर्वहुतःसम्भृतम्पृषदाज्यम् ॥
पशूँस्ताँश्चक्रेवायव्यानारण्यान्ग्राम्म्याश्चये ६

તે સર્વાત્મક પુરૂષે તે માનસિક યજ્ઞમાંથી સંપૂર્ણ ભોગ્યવસ્તુ, દહીં, ઘી, વિગેરે સંપાદન કર્યાં. અને વાયુ દેવતાવાળાં અરણ્યનાં પશુ, મૃગ વિગેરે ઉત્પન્ન કર્યાં. ૬.

तस्माद्यज्ञात्सर्वहुतऋचःसामानिजज्ञिरे ।
छन्दाꣳसिजज्ञिरेतस्माद्यजुस्तस्म्माद्जायत ।

તે સર્વાત્મક પુરૂષના માનસિક યજ્ઞમાંથી ઋગ્વેદ

તથા સામવેદ ઉત્પન્ન થયા, તથા તેમાંથી ગાયત્રી વિગેરે છંદો તથા યજુર્વેદ પણ નિપજ્યા. ૭.

तस्मादश्वांऽअजायन्तयेकेचोभयादतः ॥ गावोहजज्ञिरेतस्मात्तस्माञ्जाताऽअजावयः

તે પૂર્વે કહેલા માનસિક યજ્ઞમાંથી અશ્વ તથા ઉપર નીચે એમ ઉભય દાઢવાળાં પ્રાણીયો તથા ગાય, બળદ, અને બકરાં, ઘેટાં, વિગેરે ઉત્પન્ન થયાં. ૮.

तंयज्ञम्बर्हिषिप्प्रौक्षन्पुरुषञ्जातमग्रतः ॥ तेनदेवाऽअयजन्तसाध्याऽऋषयश्चये ॥ ९ ॥

તે શરૂઆતમાં ઉત્પન્ન થએલા પુરૂષને યજ્ઞમાં પશુભાવે યૂપસાથે બાંધીને માનસિક યજ્ઞમાં તેનું પ્રોક્ષણ (સેચન)કર્યું; તે પશુભાવે પ્રાપ્ત કરેલા પુરૂષવડે સાધ્ય દેવતાઓ અને મંત્રદ્રષ્ટા ઋષિઓ માનસ યાગ કરવા લાગ્યા. ૯.

यत्पुरुषंव्यदधुःकतिधाव्यकल्पयन् ॥ मुखङ्किमस्यासीत्किम्बाहूकिमूरूपादाऽउच्यते ॥ १० ॥

પ્રશ્નોત્તરરૂપે સૃષ્ટિવિષે કહેતાં પ્રજાપતિના પ્રાણરૂપ દેવોએ જ્યારે વિરાટ્‌ને માનસિક સંકલ્પથી ઉત્પન્ન કર્યો ત્યારે તેની કેટલા પ્રકારથી કલ્પના કરી? તે પુરુષનું મુખ કોણુ ?બાહુ કોણુ ? તથા જાંઘ (ઉરૂ), પાદ વિગેરે કોણુ કહેવાય છે? ૧૦.

ब्राह्मणोस्यमुखमासीद्बाहूराजन्यः कृतः॥
ऊरूतदस्ययद्वैश्यः पद्भ्याᳫं शूद्रोऽअजायत ११

આ પ્રજાપતિનું મુખ બ્રાહ્મણ હતો, અર્થાત્ પ્રજાપતિના મુખમાંથી બ્રાહ્મણ, બાહુમાંથી ક્ષત્રિય, જાંઘમાંથી વૈશ્ય, અને પાદ (પગ) માંથી શૂદ્ર એ પ્રમાણે વર્ણો ઉત્પન્ન થયા. ૧૧.

चन्द्रमामनसोजातश्चक्षोःसूर्योअजायत॥
श्रोत्राद्वायुश्चप्राणश्चमुखादग्निरजायत १२

(જે પ્રજાપતિથી પૂર્વોક્ત સૃષ્ટિ ઉત્પન્ન થઇ) તે પ્રજાપતિના મનમાંથી ચંદ્રમા, ચક્ષુમાંથી સૂર્ય, કાનમાંથી વાયુ, તથા પ્રાણ અને મુખમાંથી અગ્નિ એ પ્રમાણે સૌ ઉત્પન્ન થયા.૧૨

नाभ्याऽआसीदन्तरिक्षᳫं शीर्ष्णोद्यौः-
समवर्त्तत ॥ पद्भ्याम्भूमिर्दिशःश्रोत्रात्तथा-
लोकाँ २ ऽअकल्पयन् ॥ १३ ॥

તેની નાભિમાંથી અંતરિક્ષ, શીર્ષમાંથી આકાશ, પાદમાંથી ભૂમિ, શ્રોત્રમાંથી દિશાઓ અને તે પ્રમાણે અંતરિક્ષ લોક વિગેરે ઉત્પન્ન થયા (અર્થાત્ તે તે ભાગોમાંથી દેવતાઓએ તેમની કલ્પના કરી). ૧૩.

यत्पुरुषेणहविषादेवायज्ञमतन्वत॥वसन्तो
ऽस्यासीदाज्यङ्ग्रीष्मऽइध्मःशरद्धविः ॥१४॥

એ પ્રમાણે પૂર્વ સૃષ્ટિની કલ્પના કર્યા પછી ઉત્તર સૃષ્ટિને સારૂ બહારનાં દ્રવ્યો ન હોવાથી તે પુરૂષરૂપી હવિષ્થી દેવતાઓએ માનસિક યજ્ઞ કર્યો, તે વખતે વસંત ઋતુએ ઘીનું કામ સાર્યું, ગ્રીષ્મઋતુએ ઇંધણાનું અને શરદ્ઋતુએ હવિષ્ (બળિદાન)નું કામ સાર્યું. ૧૪.

सप्तास्यासन्परिधयस्त्रिःसप्तसमिधःकृताः देवायद्यज्ञन्तन्वानाऽअबध्नन्पुरुषम्पशुम् १५

જે વખતે પ્રજાપતિના પ્રાણેન્દ્રિયરૂપ દેવતાઓએ માનસિક યજ્ઞ કર્યો, ત્યારે વિરાટ્રૂપી પુરૂષને પશુની ભાવના કરી યૂપસાથે બાંધ્યો, અને તે વખતે ગાયત્રી આદિ સાત છંદો પરિધિ થયા, અને ત્રણગણા સાત એટલે એકવીશને (૧૨ માસ ૫ ઋતુ ૩ લોક ૧ આદિત્ય) સમિધ બનાવ્યાં. ૧૫.

यज्ञेनयज्ञमयजन्तदेवास्तानिधर्म्माणिप्रथमान्यासन् ॥ तेहनाकम्महिमानःसचन्तयत्रपूर्व्वेसाध्याःसन्तिदेवाः ॥ १६ ॥

પૂર્વોક્ત દેવોએ માનસ યજ્ઞથી પ્રજાપતિનું પૂજન કર્યું, તે પૂજનમાં પ્રસિદ્ધ એવા જગદ્રૂપ વિકારના ધારણ કરનારા ધર્મો હતા (આટલે સુધી સૃષ્ટિનું સંપાદન કરનારાં સૂત્રો એકત્ર કર્યાં; હવે ફલાનુવાદના ભાગનો સંગ્રહ કરવામાં આવે છે). જે યજ્ઞમાં વિરાટ્ પ્રાપ્તિરૂપ સ્વર્ગમાં, પ્રાચીન સાધ્ય દેવતાઓ રહે છે, તે સ્વર્ગના

મહિમાની ઉપાસના કરનારા મહાત્માઓ તેને પામેછે. ॥ ૧૬ ॥

अद्भ्यऽसम्भृतऽपृथिव्यैरसाच्चविश्वकर्म्मणऽसमवर्त्तताग्ग्रे ॥ तस्यत्त्वष्टाव्विदधद्रूपमेति तन्मर्त्यस्यदेवत्वमाजानमग्ग्रे ॥ १७ ॥

પૃથ્વી આદિ પાંચ ભૂત તથા વિશ્વકર્મા એટલે કાલથી પુષ્ટિને પામેલ એવો જે પ્રથમ રસ ઉત્પન્ન થયો તે રસના રૂપને ધારણ કરનાર સૂર્ય દરરોજ ઉદય પામે છે, તે પ્રથમરૂપ પુરૂષ, પુરૂષનો યજ્ઞ કરનાર મનુષ્યોના આજાન (આદિ) દેવત્વને પામે છે. ૧૭.

व्वेदाहमेतम्पुरुषम्महान्तमादित्यवर्णन्तमसऽपरस्तात् ॥ तमेवविदित्वातिमृत्युमेतिनान्यऽपन्थाव्विद्यतेयनाय ॥ १८ ॥

હું (નારાયણઋષિ) તે સર્વોત્કૃષ્ટ પુરૂષ(પરમેશ્વરને)-ને જાણું છું, તેનું તેજ આદિત્યના જેવું છે, અને જે સંસારની માયારૂપી અજ્ઞાનથી દૂર છે અને તેનેજ માત્ર જાણવાથી માણસ મૃત્યુને તરી બ્રહ્મમય થાય છે; બીજો મુક્તિમાટે માર્ગ છેજ નહિ. ૧૮.

प्रजापतिश्चरतिगर्ब्भेऽअन्तरजायमानोबहुधाव्विजायते ॥ तस्ययोनिम्परिपश्यन्तिधीरास्तस्मिन्हतस्थुर्भुवनानिव्विश्वा ॥ १९ ॥

જે સર્વાત્મા પ્રજાપતિ હૃદયની અંદર રહેલ છે, અને શરીરના મધ્યમાં ફરેછે, અને જે પોતે નિત્ય રહી, જન્મ લઇ, વિવિધ માયાવી રૂપ ધારણ કરે છે, તેનું મૂળસ્વરૂપ બ્રહ્માદિ પુરૂષો યથાર્થ રીતે જાણે છે; તે કારણાત્મ બ્રહ્મની અંદર સર્વભૂત પ્રાણીમાત્ર (વિશ્વ) રહેલાં છે. ૧૯.

योदेवेब्भ्यंआतपंतियोदेवानांम्पुरोहितः
पूर्व्वोयोदेवेब्भ्योजातोनमोरुचायब्राह्मये २०

જે આદિત્યરૂપી પ્રજાપતિ દેવતાઓને પ્રકાશિત કરે છે, અને જેને દેવતાઓએ સર્વ કાર્યોમાં પુરોહિત કરેલ (અગ્રમાં મુકેલ)છે, અને જે દેવતાઓમાં પ્રથમ ઉત્પન્ન થએલ છે તે દેદીપ્યમાન એવા બ્રહ્મપુત્રને નમસ્કાર હો! ૨૦.

रुचम्ब्राह्मञ्जनयन्तोदेवाअग्ग्रेतदब्रुवन्॥ य-
स्त्वैवम्ब्राह्मणोव्विद्यात्तस्यदेवाऽअंसन्वशे २१

સુશોભિત એવા બ્રહ્મના પુત્ર (માનસ સંકલ્પથી) ઉત્પન્ન કરતા એવા દેવતાઓ પ્રથમ વચન બોલ્યા "આ દેવ, જે આવી રીતે બ્રહ્મથી જન્મ પામેલ છે એ પ્રમાણે જે બ્રાહ્મણ તેને જાણે છે તેને સર્વ દેવતાઓ વશ છે."૨૧

श्रीश्चतेलक्ष्मीश्चपत्क्न्यावहोरात्रेपार्श्वेन-
क्षत्राणिरूपमश्विनौव्व्यात्तम् ॥ इष्णन्निषा-
णामुम्मंऽइषाणसर्व्वलोकम्मंऽइषाण ॥ २२ ॥

હે આદિત્ય! શ્રી (સમ્પત્તિ) તથા લક્ષ્મી (સૌંદર્ય)

એ તમારી પત્નીઓ છે, અહોરાત્ર તમારાં પડખાં છે, નક્ષત્રો તમારૂં રૂપ છે, આકાશ તથા પૃથ્વી એ તમારૂં વિકાસિત (ઉઘાડેલું) મુખ છે, એ પ્રમાણે ઇચ્છનાર "મારો પરલોક મને સારી રીતે મળો "એવી ઇચ્છા કરે અને જે કહે કે હું સર્વ લોકાત્મક થાઉં, તેની ઇચ્છા પૂર્ણ કરો! ૨૨.

इति रुद्रे द्वितीयोऽध्यायः ॥ २ ॥

એ પ્રમાણે ગુજરાતી ભાષાંતરવાળી રુદ્રાષ્ટાધ્યાયીનો બીજો અધ્યાય સંપૂર્ણ થયો. ૨.

अथ रुद्राष्टके तृतीयोऽध्यायः ।

અધ્યાય ત્રીજો.

અહીં પ્રજાપતિ ઋષિ છે; ત્રિષ્ટુપ્ છંદ છે તથા ઇન્દ્ર દેવતા છે.

हरिः ॐ ॥ आशुः शिशानो वृषभो न भीमो घनाघनः क्षोभणश्चर्षणीनाम ॥ सङ्क्रन्दनोऽनिमिषऽएकवीरः शतꣳ सेनाऽअजयत्साकमिन्द्रः ॥ १ ॥

જે શીઘ્રકારી(વ્યાપક)છે, જે શત્રુઓને તીક્ષ્ણ બુદ્ધિથી ભય ઉત્પન્ન કરનાર છે, જે અણીવાળાં શીંગડાંથી ભયંકર બેલ પોતાના શત્રુઓનો જેવી રીતે ઘાતક છે તેવી રીતે

દ્વેષી મનુષ્યોનો ઘાતક છે, જે પ્રાણીઓનો ખેંચીને અ-થવા પ્રહાર કરીને નાશ કરેછે, જેની ચક્ષુ નિમેષ (પલ-કારા) રહિત છે (એટલે જે પોતાના કામમાં આલસ્ય રાખતો નથી), અને જે પોતે એક વીર હોઇ પોતાનું કાર્ય એક હાથે કરવા સમર્થ છે એવો ઇન્દ્ર અસંખ્ય સેના સાથે એકલો વિજય મેળવે છે. ૧.

सङ्क्रन्दनेनानिमिषेणजिष्णुनायुत्कारेण-
दुश्च्यवनेनधृष्णुना ॥ तदिन्द्रेणजयततत्सह-
ध्वंयुधोनरऽइषुहस्तेनवृष्णा ॥ २ ॥

ઉપર કહેલા ગુણોવાળો ઇન્દ્ર હો! તેમાં આપણે શું! અહીં જે સંક્રન્દન, અનિમેષ વિગેરે વિશેષણો છે તેનો અર્થ ઉપરના શ્લોકમાં કહ્યો છે; તેવા પ્રકારના, જય-શીલ, યુદ્ધ કરનાર, બીજાથી કમ્પનાર નહિ, ધૃષ્ટતા (હિં-મત) વાળા, હાથમાં મજબૂત બાણ ધારણ કરનાર તથા વૃષ્ટિ કરનાર એવા ઇન્દ્રસહિત, હે નાયક યોદ્ધાઓ, તે શત્રુ બળની સામા થાઓ, તથા જીતો! ૨.

सऽइषुहस्तैःसनिषङ्गिभिर्वशीसंस्रष्टासयुध
ऽइन्द्रोगणेन ॥ संसृष्टजित्सोमपाबाहुशर्द्ध्यु
ग्रधन्वाप्रतिहिताभिरस्ता ॥ ३ ॥

આગળના મન્ત્રમાં જે વિજય કરવાનું કહ્યું તેનો પ્ર-કાર કહેછે:— મરૂદ્ આદિ દેવતાઓ જેમના હાથમાં બાણો તથા ખડ્ગો છે તેમને વશ કરનાર તથા એકમેક

મળી જવાના શીલવાળો તે ઇન્દ્ર હોવાથી, જે તેની સામે મળીને યુદ્ધ કરવા આવેછે તેને તે જીતે છે; તે સોમ પીનાર છે; તે બાહુબળવાળો (બાહુબળથી સામો થઈ જીતનારો) છે; તથા તે બાણો ઉગામીને, તેમની વૃષ્ટિ કરી શત્રુને મારનાર છે (એવા ઇન્દ્રની સાથે જય મેળવો). ૩.

बृहस्प्पतेपरिदीयारथेनरक्षोहामित्राँ २ ऽ अपबाधमानꣳ ॥ प्प्रभञ्जन्त्सेनाꣳप्प्रमृणोयु-धाजयन्नस्म्माकमेद्ध्यवितारथानाम् ॥ ४ ॥

હે બૃહસ્પતિ દેવ ! આપના રથસહિત આવો. રાક્ષસોના નાશ કરનારા તમે અમિત્ર એટલે શત્રુઓનો નાશ કરી, તેમની સેનાને હણો ! અને તેમનો પ્રાણ-ઘાત કરી જય મેળવો ! અને યુદ્ધમાં અમારા રથોની રક્ષા કરનારા થાઓ ! ૪.

बलविज्ञायत्स्थविरꣳप्प्रवीरꣳसहस्वान्वा-जीसहमानऽउग्ग्रऽ ॥ अभिवीरोअभिसत्त्वा सहोजाजैत्रमिन्द्ररथमातिष्ठगोवित् ॥ ५ ॥

સર્વનું બળ જાણવામાં અનુભવી, વૃદ્ધ, મહાવીર, શત્રુને હંફાવનાર, અન્નવાળા અથવા શત્રુઓનો પરાજય કરનાર, ઉગ્રશક્તિવાળા, પરાક્રમી અનુચરોવાળા, મહાનુભાવ અથવા સ્તુતિ મેળવનાર એવા હે ઇન્દ્ર ! વિજયી રથ ઉપર બેસી અમોને સાહાય્ય કરવાને ચઢી આવવું તે આપને યોગ્ય છે. ૫.

गोत्रभिदङ्गोविदंव्वज्ज्रबाहुञ्जयन्तमज्ज्मप्प्रमृणन्तमोजसा ॥ इमꣳसंजाताऽअनुवीरयद्ध्वमिन्द्रꣳसखायोऽअनुसꣳरभद्ध्वम ॥ ६ ॥

ગાય, જળ અથવા ભૂમિના રક્ષક, વાદળાં અથવા પર્વતના ભાંગનાર, હાથમાં વજ્ર ધારણ કરનાર, જયશીલ, સૈન્યમાં જઈ શત્રુઓનો નાશ કરનાર અથવા તેજથી શત્રુઓનો પરાજય કરનાર એવા મહાનુભાવ ઇન્દ્રની પાછળ વીરત્વ દર્શાવનાર, હે યોદ્ધાઓ ! યુદ્ધ કરો. હે સખાઓ! તમે વેગ કરતા ઇન્દ્રની પાછળ વેગને ધારણ કરો! ૬.

अभिगोत्राणिसहसागाहमानोदयोव्वीरऽशतमन्युरिन्द्रः ॥ दुश्च्यवनऽपृतनाषाडयुद्ध्योस्म्माकꣳसेनाऽअवतुप्प्रयुत्सु ॥ ७ ॥

વાદળાંમાં બળથી પ્રવેશ કરનાર, નિર્દય, પરાક્રમી વીર, ઘણા યજ્ઞ કરનાર અથવા ઘણોજ ક્રોધ કરનાર, કોઇથી કંપાયમાન ન થાય તેવા, શત્રુસેનાનો પરાજય કરનાર અને જેની સાથે કોઇ યુદ્ધ કરી ન શકે એવા હે ઇન્દ્ર! યુદ્ધોમાં અમારી સેનાનું રક્ષણ કરો. ૭.

इन्द्रऽआसान्नेताबृहस्प्पतिर्दक्षिणायज्ञऽपुरऽएतुसोमः ॥ देवसेनानामभिभञ्जतीनाञ्जयन्तीनाम्मरुतोयन्त्वग्ग्रम ॥ ८ ॥

અમોને સાહાય્ય કરવા આવેલી દેવસેનાના આ ઇન્દ્ર નાયક થાઓ! બૃહસ્પતિ, દક્ષિણ યજ્ઞ તથા સોમ તેની આગળ ચાલનાર થાઓ! અને તે શત્રુનો નાશ કરનારી તથા વિજયી સેનાને મોખરે મરૂતો ચાલો! ૮.

इन्द्रस्य वृष्णो वरुणस्य राज्ञऽआदित्यानां मरुतां शर्द्धऽउग्रम् ॥ महामनसां भुवनच्यवानां घोषो देवानां जयतामुदस्थात् ॥ ९ ॥

વૃષ્ટિ કરનાર ઇન્દ્રનું, રાજા વરૂણનું, આદિત્યનું, અને મરૂતોનું ઉગ્ર બળ અમારામાં આવો; તથા મોટા મનવાળા, ભુવન ચલાવનારા, જયશીલ એવા દેવોનો "જયઘોષ" ઉદયને પામો! ૯.

उद्धर्षय मघवन्नायुधान्युत्सत्त्वनां मामकानां मनांसि ॥ उद्वृत्रहन्वाजिनां वाजिनान्युद्रथानां जयतां यन्तु घोषाः ॥ १० ॥

હે મઘવન્! ઇન્દ્ર! અમારાં આયુધો પ્રહાર કરવામાં ઉત્કૃષ્ટ કરો; અમારા સૈનિકોનાં મન હર્ષયુક્ત કરો; અમારા અશ્વોની ગતિ વધારો! તથા અમારા જયશીલ રથોનો ઘોષ ઉત્પન્ન થાઓ! ૧૦.

अस्माकमिन्द्रः समृतेषु ध्वजेष्वस्माकं याऽइषवस्ता जयन्तु ॥ अस्माकं वीराऽउत्तरे भवन्त्वस्माँ २ ऽउ देवाऽअवता हवेषु ॥ ११ ॥

હે ઇન્દ્ર! અમારા ધ્વજવાળા સૈનિકો શત્રુસૈન્ય ઉપર તુટી પડે ત્યારે તમે રક્ષણ કર્તા થાઓ! તથા અમારાં બાણો શત્રુઓને જીતો! અમારા વીર સુભટો વિજય પામો. હે દેવો! અમારૂંજ સંગ્રામોમાં રક્ષણ કરો. ૧૧.

अमीषाञ्चित्तम्प्रतिलोभयन्तीगृहाणाङ्गान्यप्वेपरेहि॥ अभिप्रेहिनिर्दहहृत्सुशोकैरन्धेनामित्रास्तमंसासचन्ताम ॥ १२ ॥

અમારા આ શત્રુઓનાં ચિત્તમાં વ્યામોહ ઉત્પન્ન કરનારી, હે પાપાભિમાની દેવિ! તેઓનાં માથાં વિગેરે અવયવોનો અંગીકાર કરો! તેઓના તરફ જાઓ અને તેઓનાં હૃદય શોકાગ્નિથી ભસ્મ કરો! તેઓ ઘોર અંધકારમાં જોડાઓ! ૧૨.

अवसृष्टापरापतशरव्येब्रह्मसंशिते ॥ गच्छामित्रान्प्रपद्यस्वमामीषाङ्कञ्चनोच्छिषः ॥ १३ ॥

હે બ્રહ્મમંત્રથી તીક્ષ્ણ કરેલ, હિંસા કુશળ દેવિ! અહીંથી દૂર જાઓ, અને શત્રુઓમાં જઈ તેમાંથી કોઇને બાકી રહેવા નહિ આપો (સર્વનો સંહાર કરો?). ૧૩.

प्रेताजयतानरइन्द्रोवःशर्मयच्छतु ॥ उग्रावः सन्तुबाहवोनाधृष्याययथासथ॥१४॥

હે સેનાનાયક વીરો! શત્રુસૈન્ય સામા જાઓ! ઇન્દ્ર

તમારૂં કલ્યાણ કરો! તમારા બાહુ, કોઈ સામે ન ટકી શકે તેવા ઉગ્ર પરાક્રમવાળા થાઓ! ૧૪.

असौयासेनांमरुतंऽपरेषामब्भ्यैतिनऽओ-जंसास्पर्द्धमाना ॥ तान्गूहततमसापंव्रतेनयथामीऽअन्योऽअन्यन्नजानन् ॥१५॥

બળથી સ્પર્ધા કરતી શત્રુઓની સેના જે સામે આવે છે તેને હે મરૂતો! એવા ગાઢ અંધકારથી ઢાંકી નાંખો કે તેના યોદ્ધાઓ એક બીજાને ઓળખી શકે નહિ. ૧૫.

यत्रंबाणाऽसम्पतंन्तिकुमाराव्विशिखाऽइ-व ॥ तन्नऽइन्द्रोबृहस्पतिरदितिंशर्म्मयच्छ-तुव्विश्वाहाशर्म्मयच्छतु ॥ १६ ॥

જે સંગ્રામમાં મુંડિત કુમારો જેવાં બાણો વરસે છે, ત્યાં ઇન્દ્ર, બૃહસ્પતિ, અદિતિ, સર્વદા સુખ આપો, સુખ આપો! ૧૬.

मर्म्माणितेव्वर्म्मणाच्छादयामिसोमस्त्वा-राजामृतेनांनुवस्ताम् ॥ उरोर्व्वरीयोव्वरुणस्ते-कृणोतुजयंन्तन्त्वानुदेवामंदन्तु ॥ १७ ॥

હે રાજા! મારાં મર્મસ્થાનો હું કવચથી (બખ્તરથી) ઢાંકું છું. તમને રાજા સોમ અમૃતથી ઢાંકો! શ્રેષ્ઠ વરૂણ તમને ઉત્તમ સુખ આપો! અને દેવતાઓ તમને જય પામતા જોઈ હર્ષ પામો! ૧૭.

इति रुद्रे तृतीयोऽध्यायः ॥ ३ ॥

એ પ્રમાણે ગુજરાતી ભાષાન્તરવાળી રુદ્રાષ્ટાધ્યાયીનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ થયો. ૩.

अथ रुद्राष्टके चतुर्थोऽध्यायः

અધ્યાય ૪ થો.

हरिःॐ ॥ व्विब्भ्राड्बृहत्पिबतुसोम्म्यम्मद्ध्वायुर्द्दधद्यज्ञपतावविन्हुतम ॥ व्वातंजूतोयोऽअभिरक्षतित्त्मनाप्प्रजाऽपुंपोषपुरुधाव्विराजति ॥ १ ॥

વિશેષ દીપતો એવો મહાન્ સૂર્ય સોમયુક્ત મધુનું પાન કરો ! તે યજમાનના અકુટિલ આયુષ્યને ધારણ કરતો એવો મહાવાયુથી પ્રેરિત થઈ, સર્વ જગતને જોતો પોતેજ પ્રજાનું વૃષ્ટિ વગેરેથી પોષણ કરેછે, (અને) બહુ પ્રકારે પ્રકાશિત થાયછે. ૧.

उदुत्त्यञ्ज्जातवेदसन्देवंवहन्तिकेतवः ॥ दृशेव्विश्श्वायसूर्य्यम ॥ २ ॥

સૂર્યના અશ્વો અથવા રશ્મિઓ, પ્રાણીઓને જાણનાર એવા જાતવેદસનું; (આશબ્દના (૧) જન્મ પામેલા પ્રાણીઓને ઓળખનાર (૨) ડાહ્યો (૩) ધનવાળો એવા ધ-

ણા અર્થ નિરૂક્તમાં લખેલ છે). એટલે સૂર્ય દેવતાનું આખા વિશ્વને જોવા સારૂ ઉંચે વહુન કરેછે. ૨.

યેનાપાવકચક્ષસાભુરણ્યન્તઞ્જનાઁ२ऽअनु ॥ त्वंव्वरुणपश्यसि ॥ ३ ॥

હે પાવક! સર્વના શોધક, વરૂણ—અનિષ્ટ નિવારણ કરનાર સૂર્ય! તમે જે પ્રકાશથી આ જગતમાં ઉત્પન્ન થએલાં પ્રાણીઓને અનુક્રમે પોષોછો તથા ધારણ કરોછો તે પ્રકાશની અમે સ્તુતિ કરીએ છીએ. ૩.

दैव्यावध्वर्यूऽआगतꣳरथेनसूर्य्यत्वचा ॥ मध्वायज्ञꣳसमञ्जाथे ॥ तम्प्रत्नथाऽयंव्वेनश्चित्रन्देवानाम् ॥ ४ ॥

હે દેવસંબંધી અધ્વર્યુ! તમે બેઉ સૂર્યની કાન્તિ જેવી કાન્તિવાળા રથમાં બેસીને આવો અને સોમ પુરોડાશ વગેરેથી મિશ્ર એવા યજ્ઞના મધુર હુવિષથી પ્રાચીનોના યજ્ઞની માફક અમારા યજ્ઞનું રક્ષણ કરો. (પરિપૂર્ણ કરો.) તમે સર્વ દેવોમાં કાન્તિયુક્ત આશ્ચર્યરૂપ છો. ૪.

तम्प्रत्नथापूर्वथाव्विश्वथेमथाज्ज्येष्ठतातिम्बर्हिषदꣳस्वर्व्विदम् ॥ प्रतीचीनंव्वृजनन्दोहसेधुनिमाशुञ्जयन्तमनुयासुव्वर्द्धसे ॥ ५ ॥

પ્રાચીન કાળના પૂર્વજ, સર્વ પ્રાણીઓ તથા આધુનિક યજમાનો એ સર્વના જેવી અમારી કામના છે; માટે હે

અન્તરાત્મન્! તમે યજ્ઞને ચલાવનાર, જ્યેષ્ઠ, સર્વજ્ઞ, સમગ્ર ફલને આપનાર અથવા સંપૂર્ણ ફળની ઉત્પત્તિ કરનાર, અમારી સન્મુખ આવનાર, બળવાન્, શીઘ્ર ગમન કરનાર તથા સૌને નમાવી દેનાર એવા છો તેથી સ્તુતિ લક્ષણવાળી સાધનાથી સર્વદા સંપૂર્ણ કામનાઓ માટે ઇન્દ્રને દોવો! ૫.

अयंव्वेनश्चोदयत्पृश्निगर्ब्भाज्ज्योतिर्ज्जरायूरजंसोव्विमाने ॥ इममपाᳪसंङ्गमेसूर्य्यस्यशिशुन्नविप्प्रामतिभीरिहन्ति ॥ ६ ॥

આ સુંદર ચન્દ્રમા જળની ઉત્પત્તિ સમયે સૂર્ય લોકમાં રહેલા જળની વૃષ્ટિ પ્રેરેછે, તે ચન્દ્રમાની વિજળીરૂપી ઓર (જરાયુ) છે. હવે યજ્ઞના અધિષ્ઠાતા સોમ જેમ બાળકને લાડથી લડાવે તેમ સેંકડો સ્તોત્રથી સ્તુતિ કરેછે; (તે સોમનું સૂર્ય અને જળના સંગમને વખતે ગ્રહણ કરવામાં આવે છે એવું શ્રુતિવાક્ય છે,) એવા સોમના ગૃહપાત્રથી અસુરના પુરોહિત શુક્રના પુત્ર અર્કને માટે સોમનું ગ્રહણ કરૂં છું. ૬.

चित्रन्देवानामुदगादनीकञ्चक्षुर्म्मित्रस्यव्वरुणस्याग्ग्नेः ॥ आप्प्राद्यावापृथिवीऽअन्तरिक्षᳪसूर्य्यऽआत्त्माजगतस्तस्त्थुषश्च ॥ ७ ॥

ચળકાટવાળો (આશ્ચર્યકારક) દેવોનો સૂર્યરૂપી તે-

જનો ગોળો આકાશમાં ઉદય પામ્યો છે, તે મિત્ર, વ-
રૂણ તથા અગ્નિની ચક્ષુ (આંખ) છે; સૂર્યે સ્વર્ગ, પૃથ્વી
અને અન્તરિક્ષને પોતાના પ્રકાશથી ચોતરફ ભરી મૂક્યાં
છે, તે જડ (સ્થાવર) તથા ચૈતન્ય (જંગમ) સૃષ્ટિનો
આત્મા છે. ૭.

आनुऽइडांभिर्व्विदथेसुशस्तिव्विश्श्वानरःं-
सवितादेवऽएतु ॥ अपियथांयुवानोमत्सथा-
नोव्विश्श्वञ्जगंदभिपित्वेमंनीषा ॥ ८ ॥

ઇડા (ભક્ષણ) થી પ્રશંસાને પાત્ર એવા યજ્ઞગૃહમાં,
સર્વ નરોના હિત કરનાર સૂર્ય દેવતા પધારો. હે જરા-
રહિત (યુવાવસ્થાવાળા) દેવો ! આપના નિશ્ચિત આ-
ગમન સમયે જેમ આપ સર્વની તૃપ્તિ કરો છો તેવી
રીતે અમારા સર્વ જગતની અંદર પુત્ર પુત્રાદિ તથા પશુ
વિગેરેથી ઇચ્છાપૂર્વક તૃપ્તિ કરો. ૮.

यद्द्यकच्चंवृत्रहन्नुदगांऽअभिसूंर्य्य ॥ सर्व्वं-
न्तदिंन्द्रतेव्वशें ॥ ९ ॥

હે વૃત્રહન્! (મેઘના આવરણનું નિવારણ કરનાર) હે
સૂર્યાત્મક દેવ ઇન્દ્ર! આ જે જે કંઈ સ્થાવર જંગમ પ-
દાર્થો છે, તેને સન્મુખ રાખીને તમે ઉદય પામો છો અને
તે સઘળું તમારે વશ છે. ૯.

तुरणिंर्व्विश्श्वदर्शतोज्ज्योतिष्कृर्दसिसूर्य्य ॥
व्विश्श्वमाभांसिरोचनम् ॥ १० ॥

હે સૂર્ય ! તમે તરણિ એટલે મહામાર્ગમાં જનારા અથવા રોગથી તારનારા છો; આખા વિશ્વને જોવા લાયક અથવા આખા વિશ્વના પ્રકાશક છો. તમે સર્વ વસ્તુને પ્રકાશિત કરનારા છો; એટલે ચન્દ્રાદિને તમારૂં તેજ આપો છો, તેટલા માટે તમે સર્વ સ્થળે વ્યાપક એવા અંતરિક્ષને ચોમેરથી પ્રકાશિત કરો છો. ૧૦.

तत्सूर्य्यस्य देवत्वन्तन्महित्वम्मध्याकर्त्तोर्वितंतᳬसञ्जभार ॥ यदेदयुक्तहरितःसधस्त्था-
दाद्राात्रीव्वासस्तनुतेसिमस्मै ॥ ११ ॥

તે સૂર્યની દૈવીશક્તિ છેઃ તે સૂર્યનું માહાત્મ્ય છે; તે પોતાનઃ કામની મધ્યમાં વિસ્તારેલું તેજ અસ્ત થતી વેળા પોતા તરફ પાછું ખેંચી લે છે, અને જ્યારે તે પોતાના અશ્વને રથથી છૂટા પાડેછે, ત્યારે રાત્રિ સર્વ દિશામાં પોતાનો અંધારપછેડો પાથરી દે છે. ૧૧.

तन्मित्रस्यव्वरुणस्याभिचक्षेसूर्य्योरूपङ्कृणु-
तेद्योरुपस्त्थे ॥ अनन्तमन्न्यद्रुशदस्य
कृष्णमन्न्यद्धरितᳬसम्भरन्ति ॥ १२ ॥

ઉદય સમયે મિત્ર અને વરૂણ એટલે સર્વ જગતના દર્શન માટે આકાશની મધ્યે રહેલા સૂર્ય સર્વને પ્રકાશ કરનારૂં તેજ વિસ્તારે છે, વળી આ સૂર્યના કિરણો અથવા અશ્વો જગદ્વ્યાપક, અનંત તથા અંધકારનો નાશ

કરવામાં સમર્થ એવું તેજ પોતાના આગમનથી ઉત્પન્ન કરે છે. તથા રાત્રિએ તે અશ્વો અથવા કિરણો પોતે અ-દૃષ્ટ થઇને (ચાલ્યા જઇને) સમગ્ર જગતમાં અંધકાર ભરી મૂકે છે. ૧૨.

बण्महाँ २ अंसिसूर्य्यबडादित्यमहाँ२ऽ-अंसि ॥ महस्तेंसतोमहिमापनस्यतेद्धादेवम-हाँ२ऽअंसि ॥ १३ ॥

હે સૂર્યે! તમે તેજવડે અધિક છો, એ સત્ય છે; હે અદિતિપુત્ર! તમે બળથી પણ અધિક છો, તે સત્ય છે; તમે મહાન્ હોતાં તમારા મહિમાની, સ્તુતિ કરનારાઓ સ્તુતિ કરે છે. હે દેવ! તમે વીર્યથી પણ અધિક છો, એ નિઃસંશય છે. ૧૩.

बट्सूर्य्यश्रवंसामहाँ २ अंसिसत्रादेव-महाँ २ऽअंसि ॥ मन्हादेवानामसुर्य्यःपुरो-हितोविभुज्योतिरदांभ्यम ॥ १४ ॥

હે સૂર્ય! આપ શ્રવણથી સર્વ કરતાં અધિક છો, એ સત્ય છે; હે દેવ! તમે દેવોની મધ્યે મહત્વથી મહાન્ છો, એ સત્ય છે; આપ ખરેખર અસુરોને હણનારા, દે-વોને ઉપદેશ કરનારા, અને ન હણાય તેવા વ્યાપક જ્યોતી (રૂપ) છો. ૧૪.

श्रायन्तऽइवसूर्य्याविश्वादन्द्रस्यभक्षत ॥ वि-

सूंनिज़ातेजनंमानुऽओजंसाप्प्रतिभागन्नदीं-धिम ॥ १५ ॥

હે મનુષ્યો ! જેવી રીતે સૂર્યને આધારે રહેલાં કિરણો સૂર્યને ભજે છે, તેવી રીતે ઇન્દ્રનાં વિશ્વ (ધન)નું સેવન કરો; તે ઉત્પન્ન થએલો ઇન્દ્ર જે વસુ (ધન)ને પોતાના બળથી ઉત્પન્ન કરે છે, તે ધન પૈતૃક ભાગની પેઠે આપણે ફરી ધારણ કરીએ. ૧૫.

अद्यादेवाऽउदितासूर्य्यस्यनिरंहसंऽपिपृतानिरवद्यात ॥ तन्नोमित्रोवरुणोमामहन्तामदितिंसिन्धुःपृथिवीऽउतद्यौः ॥ १६ ॥

હે દેવો ! પ્રકાશમાન સૂર્યકિરણો ! આજે સૂર્યોદય થતાં પ્રસરેલા તમે (રશ્મિઓ) પાપમાંથી ખેંચીને પાલન કરો; આ અમારા વચનને મિત્રાદિ છ દેવતાઓ માન આપો; એટલે (૧) દિવસના અભિમાની મિત્ર, (૨) રાત્રિના અભિમાની વરુણ, (૩) દેવમાતા અદિતિ (૪) જલના અભિમાની સિંધુ (૫) ભૂલોકની અધિષ્ઠાત્રી પૃથ્વી અને (૬) દ્યુલોકની અધિષ્ઠાત્રી દ્યૌ એ સર્વ દેવતાઓ અમારા કથનને પાળો. ૧૬.

आकृष्णेनरजंसावर्त्तमानोनिवेशयन्नमृतम्मर्त्यंञ्च॥हिरण्ययेनसवितारथेनादेवोयातिभुवनानिपश्यन् ॥ १७ ॥

સૂર્ય કૃષ્ણવર્ણના લોકમાંથી આવતા આવતા દેવ અને

મનુષ્યોને પોતપોતાના સ્થાનમાં સ્થાપતા સતા અથવા મરણરહિત પ્રાણોને અને મરણસહિત શરીરોને સ્થાપન કરતા સતા સર્વ લોકોને પ્રકાશ કરતા કરતા પોતાના સોનાના રથથી આપણીપાસે આવે છે. ૧૭.

इति रुद्रे चतुर्थोऽध्यायः ॥ ४ ॥

એ પ્રમાણે ગુજરાતી ભાષાન્તરવાળી રુદ્રાષ્ટાધ્યાયીનો ચોથો અધ્યાય સમ્પૂર્ણ થયો. ૪.

अथ रुद्राष्टके पंचमोऽध्यायः

॥ हरिः ॐ ॥ नमस्तेरुद्रमन्न्यवऽउतोतऽइषवेनमः ॥ बाहुब्भ्यामुततेनमः ॥ १ ॥

હે રૂદ્ર ! તમારા ક્રોધને, તમારાં બાણને અને તમારા બંને બાહુને નમસ્કાર છે; એટલે હે દુઃખનાશક અથવા જ્ઞાનદાતા રૂદ્ર ! તમારો ક્રોધ, બાણ અને બાહુ અમારા શત્રુવર્ગમાં પ્રસાર પામો. ૧

यातेरुद्रशिवातनूरघोरापापकाशिनी ॥ तयानस्तन्न्वाशन्तमयागिरिशन्ताभिचाकशीहि ॥ २ ॥

હે રૂદ્ર ! જે તમારી શાંત સૌમ્ય અને પુણ્યફળ આપનારી તનૂ (કાયા) છે, તે કલ્યાણમય તનૂથી હે

ગિરિશંત ! (કૈલાસ પર્વતમાં રહી પ્રાણીઓને સુખ વિ-
સ્તારનારા) અમને પ્રકાશ આપો. ૨

**यामिषुङ्गिरिशन्तहस्तेंबिभर्ष्यस्तवे॥ शि-
वाङ्गिरित्रताङ्कुरुमाहिँ८सीःपुरुषञ्जगत् ॥३॥**

હે ગિરિશંત ! તમે જે બાણને શત્રુઓપર ફેંક-
વાને હસ્ત વિષે ધારણ કર્યું છે, હે ગિરિત્ર (કૈલાસ-
ગિરિપર રહીને ભૂતોનું રક્ષણ કરનાર)! તે બાણને ક-
લ્યાણકારક કરો; અને પુરૂષ (પુત્રપૌત્રાદિક) તથા
જગત્ (જંગમ)ની હિંસા કરો નહિ. ૩

**शिवेनवचंसात्त्वागिरिशाच्छांवदामसि ॥
यथानःसर्व्वमिज्जगदयक्ष्म८सुमनाऽअसत् ४**

હે ગિરીશ ! મંગળ વચનથી અમે આપને પ્રાપ્ત
કરવાને પ્રાર્થના કરીએ છિયે કે જેથી કરીને આ સર્વ
જગત્ નીરોગી અને સારા મનવાળું થાય. ૪

**अद्ध्यवोचदधिवक्ताप्प्रथमोदैव्योभिषक्॥
अहींश्चसर्वाञ्जम्भयन्त्सर्वाश्चयातुधान्योध-
राचीःपरासुव ॥ ५ ॥**

અધિક કથન સ્વભાવવાળા, સર્વમાં મુખ્ય, દેવતા-
ઓને હિતકારક અને સ્મરણથી રોગનાશક એવા રૂદ્રના
કથનથી અમે સર્વથી અધિક થઈએ. હે રૂદ્ર ! આપ

સર્વે સર્પ વ્યાઘ્ર વગેરેનો નાશ કરતા સતા અધઃપ્રદેશમાં રહેનારી સમગ્ર રાક્ષસીઓને દૂર કરો. ૫

असौयस्ताम्म्रोऽअरुणउतबब्भ्रुःसुमङ्गलः॥ येचैनꣳरुद्राऽअभितोदिक्षुश्रिताःसहस्रशोवैषाꣳहेडऽईमहे ॥ ६ ॥

આજે રવિરૂપ રૂદ્ર ઉદયકાળે અત્યંત રક્ત, અસ્ત કાળે રક્ત અને તે શિવાયના સમયમાં પીતવર્ણનો છે, અને જે મંગળસ્વરૂપ છે, તેની આસપાસ જે હજારો કિરણોરૂપી રૂદ્રો દિશાઓમાં વ્યાપ્ત છે, તે રૂદ્રોના ક્રોધને અમે નિવારીએ છિયે. ૬

असौयोवसर्प्पतिनीलग्ग्रीवोविलोहितः॥ उतैनंगोपाऽअदृश्श्रन्नदृश्श्रन्नुदहार्य्युःसदृष्टोमृडयातिनः ॥ ७ ॥

આ જે નીલ ગ્રીવાવાળો રક્તવર્ણનો રૂદ્ર ઉદયાસ્ત કરતો નિરંતર ગમન કરે છે, જેનું ગોવાળીઆઓ અને પાણી ભરનારીઓ એટલે વેદોક્ત સંસ્કારવગરનાં સ્ત્રી પુરૂષો દર્શન કરે છે, તે દશ્યમાન સૂર્ય અમને સર્વને સુખી કરો. ૭

नमोस्तुनीलग्रीवायसहस्राक्षायमीढुषे ॥ अथोयेऽअस्यसत्वानोहन्तेब्भ्योकरन्नमः॥८॥

નીલગ્રીવાવાળા, સહસ્ર નેત્રવાળા, અને વૃષ્ટિ કર-

નારા (પર્જન્યરૂપ) રૂદ્રને નમસ્કાર હો ! તે રૂદ્રના ભૃત્ય-વર્ગને પણ હું નમસ્કાર કરૂં છું. ૮

प्रमुंञ्चधन्वंनस्त्वमुभयोरात्त्न्योंर्ज्ज्याम् ॥
याश्श्चंतेहस्तऽइषंवऽंपरातांभगवोव्वप ॥ ९ ॥

હે ભગવન્ ! છ પ્રકારના ઐશ્વર્યયુક્ત રૂદ્ર ! આપ ધનુષ્‌ની બંને કોટિપર ચડેલી દોરીને છોડી મૂકો, અને જે તમારા હાથમાં બાણ છે, તેને દૂર ફેંકો. ૯

विज्ज्यन्धनुं÷कपर्द्दिनोव्विशंल्ल्योबाणंवाँ २ उत ॥ अनेंशन्नस्ययाऽइषंवऽआभुरंस्यनिष-ङ्गधिः ॥ १० ॥

કપર્દી (જટાવાળા) રૂદ્રનું ધનુષ્ દોરી રહિત થાઓ; તેમનું બાણવાળું ભાથું ધારવગરના બાણવાળું થાઓ; તેમનાં બાણો નાશ પામો; અને તેમનું મિયાન ખડ્‌ગરહિત થાઓ. ૧૦

यातें । हेतिर्म्मींढुष्टमहस्तेंबभूवंतेधनुं÷ ॥
तयास्म्मान्विश्वतस्त्वमंयक्ष्मयापरिंभुज ॥११

હે વૃષ્ટિ કરનારા રૂદ્ર ! આપના હાથમાં જે ધનુષ્-રૂપી આયુધ છે, તે ક્ષયરહિત (દૃઢ) આયુધથી અમારૂં ચોમેરથી રક્ષણ કરો. ૧૧

परिंतेधन्वंनोहेतिरस्मान्न्वृंणक्तुव्विश्वतं÷ ॥
अथोयऽइंषुधिस्तवारेऽअस्म्मन्निधेंहितम् १२

હે રૂદ્ર ! આપનું ધનુષ્‌રૂપી આયુધ અમોને ચો-મરેથી તજીદ્યો—હુણો નહિ; વળી આપનું ભાથું અમા-રાથી દૂર રાખો. ૧૨

अवतत्यधनुष्ट्वꣳसहस्राक्षशतेषुधे ॥ निशीर्य्यशल्ल्यानाम्मुखाशिवोनः सुमनाभव ॥१३

હે સહસ્રનેત્રવાળા અને સો ભાથાંવાળા રૂદ્ર ! તમે ધનુષને દોરીરહિત કરીને અને બાણોની ધારો ભાંગી નાખીને, અમારાપ્રત્યે શાંત અને સારા મનવાળા થાઓ. ૧૩

नमस्तऽआयुधायानाततायधृष्णवे ॥ उभाब्भ्यामुततेनमोबाहुब्भ्यान्तवधन्वने ॥१४

હે રૂદ્ર ! ધનુષ્‌ ઉપર નહિ ચડાવેલા અને શત્રુ-ઓને હણવામાં બળવાન્‌ તમારા આયુધને, તમારા બંને બાહુને અને તમારાં ધનુષને નમસ્કાર છે. ૧૪

मानोमहान्तमुतमानोऽअर्ब्भकम्मानऽउक्षन्तमुतमानऽउक्षितम ॥ मानोव्वधीःपितरम्मोतमातरम्मानः प्प्रियास्तन्वोरुद्ररीरिषः ॥ १५ ॥

હે રૂદ્ર ! તમે અમારા વૃદ્ધોને, અમારાં બાળકને, અમારા ગર્ભસ્થ જીવને, અમારા પિતાને, અમારી

માતાને, અમારી પ્રિયાને અને અમારાં શરીરને (પુત્ર પૌત્રાદિકને) મારશો નહિ. ૧૫

मानंस्तोके । तनंयेमानुऽआयुषिमानो-गोषुमानोऽअश्वेषुरीरिषः ॥ मानोव्वीरान्त्रुद्र-भामिनोव्वधीर्हविष्मन्तःसदमित्त्वाहवामहे

હે રૂદ્ર ! તમે અમારા પુત્રને તથા પૌત્રને હણો નહિ, અમારા આયુષ્‌ને હણો નહિ, અમારી ગાયને તથા અશ્વોને હણો નહિ, અને અમારા ક્રોધયુક્ત વીરોને હણો નહિ. અમે હવિષ્‌ યુક્ત થઇને હમેશાં તમને યજન માટે બોલાવીએ છિયે. ૧૬

नमोहिरण्यबाहवे । सेनान्येदिशाञ्चपतं-येनमोनमोव्वृक्षेब्भ्योहरिकेशेब्भ्यः पशूना-म्पतंयेनमोनमः शष्पिञ्जरायत्त्विषीमतेप-थीनाम्पतंयेनमोनमोहरिकेशायोपवीतिने-पुष्टानाम्पतंयेनमोनमोबब्भ्लुशाय ॥ १७ ॥

આભરણરૂપી બાહુવાળા સેનાના તથા દિશાના અધિપતિને, લીલાં પર્ણરૂપી કેશવાળાં વૃક્ષોને, પશુઓના પતિને, ઘાસ સરખા પીતવર્ણના, પ્રકાશવાળા માર્ગના અધિપતિને, અને લીલા કેશવાળા, ઉપવીતવાળા, પુષ્ટ (ગુણપૂર્વ–મનુષ્ય) ના પતિને નમસ્કાર છે. ૧૭

नमोबब्भ्लुशाय । व्व्याधिनेन्नानाम्पतंये-

नमोनमोभुवस्यहेत्त्यैजगंतांम्पतंयेनमोनमो-रुद्रायांततायिनेक्षेत्रांणाम्पतंयेनमोनमः सूता याहंन्त्यैव्वनानाम्पतंयेनमोनमोरोहिंताय १८

કપિલવર્ણવાળા અથવા વૃષભ ઉપર શયન કરનારા, શત્રુને વિંધનારા, અંનના પાલકને, સંસારના આયુધ (નિવર્ત્તક)ને, જગતના પતિને, ઉદ્યત આયુધવાળા ક્ષેત્રના પતિને, નહિ હણનારા સારથિને અને વનના પતિને નમસ્કાર છે.૧૮

नमोरोहिंताय । स्थपतंयेव्वृक्षाणाम्पतंये-नमोनमोभुवन्तयेंव्वारिवस्कृतायौषंधीनाम्प-तंयेनमोनमोमन्त्रिणेंव्वाणिजायकक्षांणाम्पतं-येनमोनमऽउच्चैर्घोषायाक्क्रन्दयंतेपत्तीना-म्पतंयेनमोनमः कृत्स्नायतया ॥ १९ ॥

રક્તવર્ણના વિશ્વકર્માને, વૃક્ષોના પતિને, ભૂમંડલનો વિસ્તાર કરનારા, ભોગ્યવસ્તુને ઉત્પન્ન કરનારા, ઔષધીઓના પાલકને, મંત્રી (જોવામાં કુશળ) ને, વણિકને, લતાઓના પાલકને, અને ઊંચા ઘોષવાળા શત્રુઓને રડાવનારા પત્તિ[1] (સેના) ના પતિને નમસ્કાર છે. ૧૯

नमः कृत्स्नायतया । धावंतेसत्त्वंनाम्पतं-

[1]. એક રથ, એક હાથી, ત્રણ અશ્વ અને પાંચ પાળા જેમાં હોય તેવી સેનાને પત્તિ કહે છે.

**येनमोनमुःसहमानायनिव्याधिनेऽ आव्या-
धिनीनाम्पतयेनमोनमोनिषङ्गिणेककुभाय-
स्तेनानाम्पतयेनमोनमोनिचेरवेपरिचराया-
रण्यानाम्पतयेनमोनमोवञ्चते ॥ २० ॥**

સમગ્ર ધનુષ્ જેણે વિસ્તારેલું છે એવા, તથા દોડનારા શરણાગત પ્રાણીઓના પાલકને, શત્રુનો પરાભવ કરનારા, શત્રુને વીંધનારા શૂરસેનાના પતિને, ખડ્ગવાળા મહાન્ ચોરના પતિને અને નિરંતર ફરનારા, સર્વત્ર વિચરનારા વનના પતિને નમસ્કાર છે. ૨૦.

**नमोव्वञ्चते । परिवञ्चतेस्तायूनाम्पतये-
नमोनमोनिषङ्गिणेऽ इषुधिमतेतस्कराणाम्प-
तयेनमोनमः सृकायिभ्योजिघांःसद्भ्योमु-
ष्णताम्पतयेनमोनमोसिमद्भ्योनक्तञ्चरद्भ्यो-
व्विकृन्तानाम्पतयेनमः ॥ २१ ॥**

વંચના કરનારા, સર્વત્ર પરિવંચના કરનારા, ચોરના અધિપતિને; ખડ્ગ ધારણ કરનારા, ભાથાંવાળા પ્રકટ ચોરોના પતિને; વજ્ર સાથે ગમન કરનારા, શત્રુઓને હણવાની ઇચ્છાવાળા રૂદ્રને; ધાન્યચોરના પતિને અને ખડ્ગધારી, રાત્રે ફરનારા, મારી કાપીને હરણ કરનારા-(લૂંટારા)ના પતિને નમસ્કાર છે. ૨૧.

नमःउष्णीषिणे । गिरिचरायकुलुञ्चाना-

स्पतयेनमोनमऽइषुमद्भ्योधन्वायिभ्यश्चवोनमोनमऽआतन्वानेभ्यःप्रतिदधानेभ्यश्चवोनमोनमऽआयच्छद्भ्योस्यद्भ्यश्चवोनमोनमोविसृजद्भ्यः ॥ २२ ॥

માથે પાઘડી વીંટીને વટેમાર્ગુઓનાં વસ્ત્રાદિ હરવાને પર્વતમાં ફરનારા રૂદ્રને, ભૂમિને હરનારા રૂદ્રને, બાણવાળા અને ધનુષ્ધારી રૂદ્રને, જ્યા (ધનુષ્‌ની દોરી) ઉપર ધનુષ્ ચડાવનારા અને બાણને ધનુષ્‌માં સંધાન કરનારા રૂદ્રને અને ધનુષ્‌ને ખેંચીને ફેંકનારા રૂદ્રને નમસ્કાર છે. ૨૨.

नमोविसृजद्भ्यो। विद्ध्यद्भ्यश्चवोनमोनमःस्वपद्भ्योजाग्रद्भ्यश्चवोनमोनमःशयानेभ्यऽ आसीनेभ्यश्चवोनमोनमस्तिष्ठद्भ्योधावद्भ्यश्चवोनमोनमःसभाभ्यः ॥ २३ ॥

શત્રુઓપર બાણ છોડનારા તથા વીંધનારાને, ઊંઘતા તથા જાગતા, સૂતા તથા બેઠલા, અને ઉભા રહેલા તથા દોડતા રૂદ્રને નમસ્કાર છે. ૨૩

नमःसभाभ्यः । सभापतिभ्यश्चवोनमोनमोश्वेभ्योश्वपतिभ्यश्चवोनमोनमऽआव्याधिनीभ्योविविद्ध्यन्तीभ्यश्चवोनमो-

**નमः उगणाभ्यस्तृंहतीभ्यश्चवोनमोन-
मोगणेभ्यः ॥ २४ ॥**

સભાઓને તથા સભાપતિઓને, અશ્વોને તથા અશ્વપતિને, ચોમેરથી વિંધન કરનારી સેનાઓને તથા વિશેષ વિંધન (પ્રહાર) કરનારી સેનાઓને, અને ઉત્કૃષ્ટ ગણોવાળી હનન કરનારી દેવીઓ(માતાઓ)ને નમસ્કાર છે. ૨૪

**नमोगणेभ्यो । गणपतिभ्यश्चवोनमो-
नमोव्रातेभ्योव्रातपतिभ्यश्चवोनमोनमोगृ-
त्सेभ्योगृत्सपतिभ्यश्चवोनमोनमोविरूपे-
भ्योविश्वरूपेभ्यश्चवोनमोनमः सेनाभ्यः
॥ २५ ॥**

ગણોને તથા ગણપતિઓને, સંઘોને તથા સંઘપતિઓને, વિષય લંપટના પતિને અને વિરૂપ તથા વિવિધ રૂપવાળાના પતિને નમસ્કાર છે. ૨૫

**नमः सेनाभ्यः ॥ सेनानिभ्यश्चवोनमो-
नमोरथिभ्योऽअरथेभ्यश्चवोनमोनमः
क्षत्तृभ्यः सङ्ग्रहीतृभ्यश्चवोनमोनमोमह-
द्भ्योऽअर्भकेभ्यश्चवोनमः ॥ २६ ॥**

સેનાઓને તથા સેનાપતિઓને, રથવાળાને તથા

રથરહિતને, રથના અધિષ્ઠાતાને સારથિઓને, અને જાતિ વિદ્યાદિથી અધિક મહાનને તથા પ્રમાણાદિથી અલ્પ બાળકને નમસ્કાર છે. ૨૬.

નમ॒स्तक्ष॑भ्यो । रथका॒रेभ्य॑श्च वो॒नमो॒नम॒ङ्कुला॑लेभ्यङ्क॒र्म्मा॑रेभ्यश्च वो॒नमो॒नमो॑निषा॒देभ्य॑÷पु॒ञ्जिष्ठे॑भ्यश्च वो॒नमो॒नम॑÷श्व॒निभ्यो॑मृग॒युभ्य॑श्च वो॒नमो॒नम॒ङ्श्वभ्य॑÷२७

સુતારને તથા રથકારને, કુંભારને તથા લોહારને, ભિલ્લોને તથા પક્ષી મારનારને અને કૂતરાં પાળનારા તથા શિકારીઓને નમસ્કાર છે. ૨૭.

नम॒ऽश्वभ्य॒ऽ। श्वप॑तिभ्यश्च वो॒नमो॒नमो॑भ॒वाय॑च रु॒द्राय॑च॒नम॑÷श॒र्व्वाय॑चपशु॒पत॑येच॒नमो॒नील॑ग्ग्रीवायचशिति॒कण्ठा॑यच॒नम॑÷ कप॒र्द्दिने॑ ॥ २८ ॥

શ્વાનોને તથા શ્વાનના પતિને, ભવ, રૂદ્ર, શર્વ તથા પશુપતિને, નીલગ્રીવાવાળા તથા શ્વેત કંઠવાળાને નમસ્કાર છે. ૨૮.

नम॑÷कप॒र्द्दिने॑ । च॒व्व्यु॒प्तकेशायच॒नम॑÷ सह॒स्राक्षाय॑चश॒तध॑न्वनेच॒नमो॑गिरि॒शया॑य-

चशिपिविष्टायचनमोमीढुष्टमायचेषुमतेचनमोऽह्रस्वाय ॥ २९ ॥

જટાવાળા તથા મુંડિત કેશવાળાને, સહસ્ર નેત્રવાળા તથા સો ધનુષ્વાળાને, પર્વતમાં શયન કરનારા તથા વિષ્ણુસ્વરૂપને અને પર્જન્યરૂપ તથા બાણવાળા રૂદ્રને નમસ્કાર છે. ૨૯.

नमोऽह्रस्वाय । चवामनायचनमोबृहतेचवर्षीयसेचनमोवृद्धायचसवृधेचनमोग्र्यायचप्रथमायचनमऽआशवे ॥ ३० ॥

અલ્પ શરીરવાળા, ટુંકા અવયવવાળા, મોટા, ઘણાં વર્ષવાળા, વૃદ્ધ, પંડિતો સાથે ફરનારા, જગતના આદિ અને સર્વત્ર પ્રથમ એવા રૂદ્રને નમસ્કાર છે ૩૦.

नमऽआशवे । चाजिरायचनमऽशीघ्र्यायचशीभ्यायचनमऽऊर्म्म्यायचावस्वन्यायचनमोनादेयायचद्वीप्यायच ॥ ३१ ॥

જગતમાં વ્યાપક, ગમન કરનારા, શીઘ્ર વેગવાળી વસ્તુમાં રહેનારા, આત્મશ્લાઘી કિંવા જલ પ્રવાહમાં રહેનારા, ઉર્મીમાં રહેનારા, સ્થિરજલ કિંવા ખાડા ખાબોચિયાંમાં રહેનારા, નદીમાં તથા દ્વીપમાં રહેનારા રૂદ્રને નમસ્કાર છે. ૩૧.

नमो॑ज्ज्येष्ठाय॑ । चकनिष्ठाय॑चु नम॑÷पूर्व्वु-जाय॑चापरुजाय॑चु नमो॑मद्ध्यमाय॑चापगुल्भा-य॑चु नमो॑जघुन्न्याय च बुद्ध्न्याय चु नमु॑ऽसोब्भ्या-य ॥ ३२ ॥

જ્યેષ્ઠ તથા કનિષ્ઠને, પૂર્વ (હિરણ્યગર્ભરૂપે) ઉત્પન્ન થયેલા, અને પશ્ચાત્ (કાલાગ્નિ સ્વરૂપે) ઉત્પન્ન થયેલા, મધ્યમ તથા પ્રગલ્ભતારહિત રૂદ્રને અને પશ્ચાદ્ભાગમાં તથા વૃક્ષાદિના મૂળમાં ઉત્પન્ન થયેલા રૂદ્રને નમસ્કાર છે. ૩૨.

नमु॑ऽसोब्भ्या॑य । चप्प्रतिसुर्य्याय॑चु नमो॑-याम्म्याय॑चुक्षेम्म्या॑य चु नमु॑ऽश्श्लोक्या॑य चावसा-न्न्याय चु नम॑ऽउर्व्वुर्य्याय॑चु खल्ल्या॑य चु नमो॑व-न्न्या॑य ॥ ३३ ॥

ગંધર્વ નગરમાં રહેનારા અથવા પુણ્ય પાપ ઉભયસહિત, વિવાહોચિત હસ્તસૂત્ર અથવા અભિચારમાં વર્ત્તમાન, પાપીઓને દુ:ખદાયક, કુશલમાં રહેનારા, વૈદિક મંત્રોમાં રહેલા, અવસાનમાં અથવા વેદાંતમાં વર્ત્તમાન અને અનાજ ઉગેલી ભૂમિમાં અને ખળામાં રહેનારા રૂદ્રને નમસ્કાર છે. ૩૩.

नमो॑वन्न्या॑य । चुकक्ष्या॑यचु नम॑÷श्रवा-

यंचप्प्रतिश्रवायंचनमऽआशुषेणायचाशुरंथायचनमः शूरांयचावभेदिनेंचनमोंबिल्मिने ॥ ३४ ॥

વન અથવા જળમાં વ્યાપક, તૃણમાં રહેલા, ધ્વનિ તથા પ્રતિધ્વનિરૂપ, શીઘ્ર સેનાવાળા તથા શીઘ્ર રથવાળા, શૂરા તથા શત્રુને ભેદનારા રૂદ્રને નમસ્કાર છે. ૩૪.

नमोंबिल्मिनें । चकवचिनेंचनमोंवर्म्मिणेंचवरूथिनेंचनमं÷श्रुतायंचश्रुतसेनायंचनमोंदुंदुभ्यायचाहनन्न्यायचनमोंधृष्णवें ॥

મસ્તકપર ટોપો પહેરનારા, કવચ તથા બખતર ધારણ કરનારા, વરૂથ (રથને ઢાંકવાનું વસ્ત્ર)વાળા, સ્વયં-પ્રખ્યાત, પ્રખ્યાત સેનાવાળા, દુંદુભીઓમાં રહેનારા, અને વગાડવાના દંડમાં રહેનારા રૂદ્રને નમસ્કાર છે. ૩૫

नमोंधृष्णवें । चप्प्रमृशायंचनमोंनिषङ्गिणेंचेषुधिमतेंचनमंस्तीक्ष्णेषंवेचायुधिनेंचनमं÷स्वायुधायंचसुधन्वंनेच ॥ ३६ ॥

પ્રગલ્ભતાવાળા, પંડિત, ખડ્ગધારી, ભાથાંવાળા તીક્ષ્ણ બાણવાળા, આયુધોવાળા, સુંદર આયુધ (ત્રિ-

શૂળ) ધારનારા, અને સુંદર પિનાક ધનુષ ધારણ કરનારા રૂદ્રને નમસ્કાર છે. ૩૬.

નमः स्रुत्याय च पथ्याय च नमः काट्याय च नीप्याय च नमः कुल्याय च सरस्याय च नमो नादेयाय च वैशन्ताय च नमः कूप्याय ॥ ३७

હલકો પ્રવાહ, શૂદ્રમાર્ગ, મોટા માર્ગ, વિષમમાર્ગ પર્વતના અધોભાગ, કૃત્રિમ નદી અથવા દેહ, તળાવ, નદી અને નાનાં તળાવડાંમાં રહેનારા રૂદ્રને નમસ્કાર છે. ૩૭.

नमः कूप्याय चावट्याय च नमो वीध्र्याय चातप्याय च नमो मेघ्याय च विद्युत्याय च नमो वर्ष्याय चावर्ष्याय च नमो वात्याय ॥ ३८ ॥

કૂવો, ખાડો, નિર્મળ શરદ્ ઋતુનો મેઘ, તડકો, વાદળાં, વિદ્યુત, વૃષ્ટિ, અને વૃષ્ટિના અભાવમાં રહેનારા રૂદ્રને નમસ્કાર છે. ૩૮.

नमो वात्याय च रेष्म्याय च नमो वास्तव्याय च वास्तुपाय च नमः सोमाय च रुद्राय च नमस्ताम्राय चारुणाय च नमः शङ्गवे ॥ ३९ ॥

વાયુ, પ્રલયકાળ તથા ગૃહભૂમિમાં રહેનારા, ગૃહપાલક, ઉમાસહિત, દુઃખ નાશક, ઉદય સમયે તામ્ર

વર્ણના અને ઉદય પછી અરૂણ વર્ણના રૂદ્રને નમસ્કાર છે. ૩૯.

नमः शङ्गवे ॥ चपशुपतयेचनमऽ उग्राय़ंचभीमायंचनमोग्ग्रेवधायंचदूरेवधायचनमोहन्त्रेचहनीयसेचनमोवृक्षेभ्योहरिकेशेभ्योनमस्तारायं ॥ ४० ॥

સુખ આપનારા અથવા સુખરૂપ, વેદરૂપી વાણીવાળા, પશુના પતિ, ઉગ્ર, ભયંકર, આગળ રહીને હણનારા, દૂરથી હણનારા, મારનારા, અત્યંત મારનારા, લીલા પર્ણરૂપી કેશવાળા, વૃક્ષ (કલ્પતરૂ) રૂપ, અને સંસારમાંથી તારનારા રૂદ્રને નમસ્કાર છે. ૪૦.

नमः शम्भवाय । चमयोभवायंचनमः शङ्करायचमयस्करायंचनमः शिवायंचशिवतरायच ॥ ४१ ॥

સુખરૂપ, સંસારસુખ દેનારા, લૌકિકસુખ કરનારા, મોક્ષસુખ કરનારા, કલ્યાણરૂપ અને ભકતોને નિષ્પાપ કરનારા રૂદ્રને નમસ્કાર છે. ૪૧.

नमऽपार्याय । चावार्यायचनमः प्रतरणायचोत्तरणायचनमस्तीर्थ्यायचकूल्यायचनमऽशष्प्यायचफेन्यायचनमः सिकत्यायचनमः ॥ ४२ ॥

સંસાર સાગરને તીરે (જીવન મુક્ત સ્વરૂપે) રહેલા અને સંસારમાં (સંસારીપણે) રહેતા, પાપ તરવાના હેતુ, તત્વજ્ઞાનથી સંસાર તરવાના હેતુ, તીર્થ, તટ, બાલતૃણ અને ફીણમાં વર્તમાન રૂદ્રને નમસ્કાર છે. ૪૨.

नमः॑ सिक॒त्त्या॑य । च प्रवा॒ह्या॑य च॒ नमः॑ किꣳशि॒ला॑य॑ च क्षय॒णा॑य॑ च॒ नमः॑ कप॒र्द्दिने॑ च पु॒लस्तये॑ च॒ नमः॑ऽ इरि॒ण्या॑य च प्रप॒त्थ्या॑य च॒ नमो॒ व्रज्या॑य ॥ ४३ ॥

રેતી, પ્રવાહ, કાંકરા અને સ્થિરજલ પ્રદેશમાં વર્તમાન, જટાવાળા, અગ્રમાં રહેલા, ઉષર (ખારા) પ્રદેશમાં અને મોટા માર્ગોમાં વર્તમાન રૂદ્રને નમસ્કાર છે.૪૩.

नमो॒ व्रज्या॑य । च॒ गोष्ठ्या॑य च॒ नम॒स्तल्प्या॑य च॒ गेह्या॑य च॒ नमो॑ हृद॒य्या॑य च निवे॒ष्प्या॑य च॒ नम॒ꣳ काट्या॑य च गह्वरे॒ष्ठाय॑ च॒ नम॒ꣳ शुष्क्या॑य ४४

વ્રજ (ગોસમૂહ), ગોષ્ઠ (ગોંદરો), શય્યા, ગૃહ, હૃદય, જલમાં થતી ભમરી અથવા જળ, ગહન માર્ગ અને પર્વતની ગુફામાં રહેનારા રૂદ્રને નમસ્કાર છે. ૪૪.

नम॒ꣳ शुष्क्या॑य । च हरि॒त्याय च॒ नमः॑ पाꣳ स॒व्याय च रज॒स्याय च॒ नमो॒ लोप्या॑य चोल॒प्प्या॑य॑ च नम॒ऽ ऊर्व्या॑य च सूर्व्या॑य च नमः॑ प॒र्णाय॑ ४५

શુષ્ક (કાષ્ઠાદિ)માં, લીલાં (વૃક્ષ લતા)માં, ધૂળમાં, રજ (પરાગઅને રજો ગુણ)માં, માર્ગ, તૃણ, પૃથ્વી અને કલ્પાગ્નિમાં વર્તમાન રૂદ્રને નમસ્કાર છે. ૪૫.

નમઃ॑ પુર્ણા॑ય । ચ પર્ણશ॒દાય॑ચ॒નમઃ॑ઉદ્ગુર॒-માણાય ચાભિઘ્ન॒તે ચ॒નમઃ॑આખિદ॒તે ચ॑પ્પ્ર-ખિદ॒તે ચ॒ નમ॑ઇષુકૃદ્ભ્યો॑ ધનુષ્કૃદ્ભ્ય॑શ્ચ વો॒ નમો॒ નમો॑ વઃ કિરિ॒કેભ્યો॑ દે॒વાના॒ હૃદ॑યેભ્યો॒ નમો॑ વિચિન્વ॒ત્કેભ્યો॒ નમો॑ વિક્ષીણ॒ત્કેભ્યો॒ નમઃ॑ આનિર્હ॒તેભ્યઃ॑ ॥ ૪૬ ॥

પર્ણ અને પર્ણ ભૂમિમાં રહેલા, ઉદ્યમી, શત્રુનાશક, અભકતોને સામાન્ય અથવા વિશેષ ખેદદાયક અને બાણ તથા ધનુષ્ કરનારા રૂદ્રને નમસ્કાર છે. (આ પ્રમાણે રૂદ્રનું સર્વાંતર્યામિત્વ કહીને હવેથી રૂદ્રમાં પ્રધાનભૂત અગ્નિ, વાયુ અને સૂર્યના મંત્રો કહેવામાં આવે છે.) વૃષ્ટિદ્વારા જગતને હિતકારક, ધર્મિષ્ઠ અને પાપિષ્ઠનું પૃથક્કરણ કરનારા, પાપનાશક અને સૃષ્ટિની આદિમાં પ્રકટ થયેલા રૂદ્રના હૃદયવત્ પ્રધાનભૂત, અગ્નિ, વાયુ અને સૂર્યને નમસ્કાર છે. ૪૬.

દ્રાપે॒ અન્ધ॑સસ્પતે॒ દરિ॑દ્ર॒ન્નીલ॑લોહિત । આસામ્પ્ર॒જાના॑મે॒ષામ્પ॑શૂ॒નામ્મા ભેર્મ્મા॒રો॒-ઙ્મો ચ॑ ન॒ઃ કિઞ્ચ॒નામ॑મત્ ॥ ૪૭ ॥

હે પાપીઓને દુઃખ દેનારા, સોમના પતિ, અદ્વૈત, નીલકંઠ, રક્તવર્ણ રૂદ્ર! અમારી પ્રજાને અને આ પશુઓને ભય આપો નહિ; તેનો નાશ કરો નહિ; વળી અમારાં દ્વિપદ (માણસો) કે ચતુષ્પદ (પશુઓ) ને રોગગ્રસ્ત કરો નહિ. ૪૭.

इमारुद्रायं। तवसेंकपर्द्दिनेंक्षयद्वींरायप्प्रभंरामहेमतीः॥ यथाशमसंद्विपदेचतुंष्प्पदेव्विश्श्वंम्पुष्टङ्ग्रामेंऽअस्मिन्ननंनातुरम ॥ ४८ ॥

અમે અમારી બુદ્ધિ, મહાન્ બળવાન્, જટાવાળા વીરોના નિવાસરૂપ શ્રી રૂદ્રને અર્પણ કરીએ છિયેઃ—રૂદ્રને સ્મરીએ છિયે; જેથી કરીને પુત્રાદિ અને પશુ સુખી થાય, તેમજ આ નિવાસમાં સર્વે પ્રાણીઓઉપદ્રવ રહિત થાય. ૪૮.

यातें। रुद्रशिवातनूःशिवाव्विश्श्वाहंभेषजी॥ शिवारुद्रस्यंभेषजीतयांनोमृडजीवसें॥

હે રૂદ્ર! આપની આ જે કલ્યાણરૂપ, સર્વદા કલ્યાણકારક, ઔષધી રૂપી તનૂ (કાયા) છે, તે તનૂથી શારીરિક વ્યાધિમાંથી અમને જીવાડવાને સુખ આપો.૪૯.

परिंनोरुद्रस्यंहेतिर्व्वृणक्कुपरिंत्त्वेषस्यंदुर्म्मतिरंघायोः॥ अवंस्त्थिरामघवंद्भ्यस्तनुष्ष्वमीढ्वस्तोकायतनंयायमृड ॥ ५० ॥

શિવનું આયુધ અમોને ચોમેરથી તજી દ્યો—હણો નહિ; દ્રોહ કરાવનાર ક્રોધની દુષ્ટમતિ અમને તજી દ્યો; હે કામપૂરક! યજમાનોના ભયની નિવૃત્તિમાટે તમારાં ધનુષો દોરી રહિત કરો, અને અમારા પુત્રપૌત્રને સુખ આપો. ૫૦.

मीढुंष्टमुशिवंतम। शिवोनं÷सुमनाभव ॥
परमेव्वृक्षऽआयुंधन्निधायकृत्तिंव्वसांनुऽआचं-
रपिनांकम्बिभ्रदागंहि ॥ ५१ ॥

હે કામ વર્ષક! અત્યંત કલ્યાણકારી શંકર! અમારા પ્રત્યે શાંત અને પ્રસન્ન ચિત્તવાળા થાઓ, અને દૂરસ્થ ઊંચા વૃક્ષ ઉપર આયુધને મૂકીને કૃત્તિ (ચર્મ) પહેરીને આવો; વળી પિનાકને ધારણ કરીને આવો. ૫૧.

व्विकिरिद्रविलोंहितनमंस्तेऽअस्तुभगवः।
यास्तेंसहस्रं७हेतयोन्न्यमस्म्मन्निवंपन्तुताः ॥

હે ઉપદ્રવનાશક, પાપરહિત ભગવન્! આપને નમસ્કાર છે. આપનાં હજારો આયુધો અમારાથી અન્યનો નાશ કરો. ૫૨

सहस्राणिसहस्रशोबाव्होस्तवंहेतयं÷ ॥
तासामीशानोभगवःपराचीनामुखांकृधि ॥

હે ભગવન્! આપને સહસ્ર બાહુ અને સહસ્ર આયુધો છે, આપ જગતના નાથ છો, તેથી તે આયુધોને મારાથી પરાઙ્મુખ (વિમુખ) કરો. ૫૩

असङ्ख्यातासहस्राणि । येरुद्राऽअधिभूम्याम ॥ तेषाꣳसहस्रयोजनेवधन्वानितन्मसि ॥ ५४ ॥

પૃથ્વી ઉપર જે અસંખ્ય હજારો રૂદ્ર છે, તે રૂદ્રોનાં ધનુષોને અમે દોરી રહિત કરીને હજાર યોજન દૂર ફેંકીયે છિયે. ૫૪.

अस्मिन्महत्यर्णवेन्तरिक्षेभवाऽअधि ॥ तेषाꣳसहस्रयोजनेवधन्वानितन्मसि ॥५५॥

આ વિશાળ જળવાળા અંતરિક્ષમાં રહેલા જે રૂદ્ર છે, તે રૂદ્રોનાં ધનુષોને અમે દોરી રહિત કરીને હજાર યોજન દૂર ફેંકીએ છિયે. ૫૫.

नीलग्ग्रीवाःशितिकण्ठादिवꣳरुद्राऽउपश्रिताः ॥ तेषाꣳसहस्रयोजनेवधन्वानितन्मसि ॥ ५६ ॥

નીલગ્રીવાવાળા અને શ્વેત કંઠવાળા જે રૂદ્રો સ્વર્ગમાં રહેલા છે, તે રૂદ્રોનાં ધનુષો અમે દોરી રહિત કરીને હજાર યોજન દૂર ફેંકીયે છિયે. ૫૬

नीलग्ग्रीवाःशितिकण्ठाःशर्वाअधःक्षमाचराः ॥ तेषाꣳसहस्रयोजनेवधन्वानितन्मसि ॥ ५७ ॥

નીલગ્રીવાવાળા ને શ્વેત કંઠવાળા જે રૂદ્રો પૃથ્વીના અધઃ પ્રદેશ (પાતાળ) માં રહેલા છે, તે રૂદ્રોનાં ધનુષોને અમે દોરી રહિત કરીને હજાર યોજન દૂર ફૂંકીએ છિયે. ૫૭.

येवृक्षेषु । शष्पिञ्जरानीलग्ग्रीवाव्विलोहिताः ॥ तेषाᳬंसहस्रयोजनेवधन्वानितन्नमसि ॥ ५८ ॥

જે રૂદ્રો બાલતૃણસરખા લીલા વર્ણના, કૃષ્ણ ગ્રીવાવાળા અને કેટલાક રક્ત વર્ણના વૃક્ષોમાં રહેલા છે, તે રૂદ્રોનાં ધનુષોને અમે દોરીરહિત કરીને સહસ્ર યોજન દૂર ફેંકીએ છિયે. ૫૮.

येभूतानामधिपतयोव्विशिखासः कपर्द्दिनः ॥ तेषाᳬंसहस्रयोजनेवधन्वानितन्नमसि ॥ ५९ ॥

જે ભૂતોના અધિપતિ અને શિખા રહિત છે, અને જે કેટલાક જટાવાળા છે,તે રૂદ્રોનાં ધનુષોને અમે દોરીરહિત કરીને સહસ્ર યોજન દૂર ફૂંકીયે છિયે. ૫૯.

येपथाम्पथिरक्षयऽऐलवृदाआयुर्युधः ॥ तेषाᳬंसहस्रयोजनेवधन्वानितन्नमसि ॥६०॥

જે રૂદ્રો લૌકિક તથા વૈદિક માર્ગોના અધિપતિ તેમજ અન્ય માર્ગોના રક્ષક છે, જે પૃથ્વી સંબંધી અંનને

ધારણ કરનારા છે, અને જે આયુષ્યની સાથે યુદ્ધ કરનારા છે, તે રૂદ્રોનાં ધનુષોને અમે દોરીરહિત કરીને સહસ્ત્ર યોજન દૂર ફેંકીએ છિયે. ૬૦.

યેતીર્થાનિ । પ્પ્રચરન્તિસૃકાહસ્તાનિષઙ્ગિણઃ ॥ તેષાᳬંસહસ્રયોજનેવધન્વાનિતન્નમસિ ॥ ૬૧ ॥

જે આયુધને હસ્તમાં ધારણ કરનારા ખડ્ગધારી રૂદ્રો તીર્થોમાં પ્રયાગ કાશી આદિમાં ફરે છે, તે રૂદ્રોનાં ધનુષોને અમે દોરી રહિત કરીને સહસ્ત્ર યોજન દૂર ફેંકીયે છિયે. ૬૧.

યેન્નેષુ । વ્વિવિદ્ધ્યન્તિપાત્રેષુપિબતોજનાન્ ॥ તેષાᳬંસહસ્રયોજનેવધન્વાનિતન્નમસિ ॥ ૬૨ ॥

અન્ન અને પાત્રોની અંદર રહેલા જે રૂદ્રો, દુધ વગેરે, પીનારાઓને તાડન કરે છે,—ધાતુ વૈષમ્ય કરી રોગો ઉપજાવેછે, તે રૂદ્રોનાં ધનુષોને દોરીરહિત કરીને અમે સહસ્ત્ર યોજન દૂર ફેંકીએ છિયે. ૬૨.

યઽએતાવન્તશ્ચ્ચભૂયાᳬંસશ્ચ્ચદિશોરુદ્રાવ્વિતસ્થિરે ॥ તેષાᳬંસહસ્રયોજનેવધન્વાનિતન્નમસિ ॥ ૬૩ ॥

જે રૂદ્રો એટલા પ્રમાણવાળા અમે કહ્યા તેથી પણ ઘણા વધારે દશે દિશાઓ વ્યાપીને રહેલા છે, તે રૂદ્રો-

નાં ધનુષોને અમે દોરીરહિત કરીને સહસ્ર યોજન દૂર ફૂં-ક્રીયે છિયે. ૬૩.

नमोस्तु । रुद्रेभ्योयेदिवियेषांव्वर्षमिषवः ॥ तेभ्योदशप्प्राचीर्द्दशदक्षिणादशप्प्रतीचीर्द्दशोदीचीर्द्दशोर्द्ध्वाः ॥ तेभ्योनमोऽअस्तुतेनोवन्तुतेनोमृडयन्तुतेयन्द्विष्म्मोयश्चनोद्वेष्टितमेषाञ्जम्भेदध्मः ॥ ६४ ॥

જે રૂદ્રો સ્વર્ગલોકમાં રહેછે, જેનાં વૃષ્ટિ એ બાણોછે, તે રૂદ્રને નમસ્કાર છે; તે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને ઉર્ધ્વ દિશામાં રહેલા રૂદ્રોને દશઅંગુલિ (અંજલિ) કરૂં છું; તે રૂદ્ર અમારૂં રક્ષણ કરો, અને અમને સુખ આપો. જેની સાથે અમે દ્વેષ કરીએ છિયે અને જે અમારી સાથે દ્વેષ કરે છે, તેમને અમે રૂદ્રની દંષ્ટ્રાકરાલ (મુખ) માં સ્થાપન કરીએ છિયે. ૬૪.

नमोस्तु । रुद्रेभ्योयेन्तरिक्षेयेषांव्वातऽइषवः ॥ तेभ्योदशप्प्राचीर्द्दशदक्षिणादशप्प्रतीचीर्द्दशोदीचीर्द्दशोर्द्ध्वाः ॥ तेभ्योनमोऽअस्तुतेनोवन्तुतेनोमृडयन्तुतेयन्द्विष्म्मोयश्चनोद्वेष्टितमेषाञ्जम्भेदध्मः ॥ ६५ ॥

જે વાયુ શસ્ત્રવાળા અંતરિક્ષમાં રહેનારા રૂદ્ર છે,

તે પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને ઉર્ધ્વ દિશામાં રહેલા રૂદ્રને નમસ્કાર કરૂં છું; તે રૂદ્ર અમારૂં રક્ષણ કરો; અને અમને સુખ આપો. જેની સાથે અમે દ્વેષ કરીએ છિયે, અને જે અમારી સાથે દ્વેષ કરે છે, તેને અમે રુદ્રના મુખમાં સ્થાપન કરીએ છિયે. ૬૫.

नमोस्तु । रुद्रेभ्योयेपृथिव्यांयेषामन्नमिषवः ॥ तेभ्योदशप्राचीर्दशदक्षिणादशप्रतीचीर्दशोदीचीर्दशोर्ध्वाः ॥ तेभ्योनमोऽअस्तुतेनोवन्तुतेनोमृडयन्तुतेयन्द्विष्मोयश्चनोद्वेष्टितमेषाञ्जम्भेदध्मः ॥ ६६ ॥

અન્ન શસ્ત્રવાળા જે રૂદ્ર પૃથ્વીમાં રહે છે, તે પૂર્વ દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર અને ઉર્ધ્વ દિશામાં રહેલા રૂદ્રને નમસ્કાર કરૂં છું. તે રૂદ્ર અમારૂં રક્ષણ કરો, અને અમને સુખ આપો. જેની સાથે અમે દ્વેષ કરીએ છિયે, અને જે અમારી સાથે દ્વેષ કરે છે, તેને અમે રૂદ્રની દંષ્ટ્રામાં મૂકીયે છિયે. ૬૬.

इति रुद्रे पञ्चमोऽध्यायः ॥ ५ ॥

એ પ્રમાણે ગુજરાતી ભાષાન્તર વાળી રૂદ્રાષ્ટાધ્યાયીનો પાંચમો અધ્યાય સમ્પૂર્ણ થયો. ૫.

अथ षष्ठोऽध्यायः ॥

અધ્યાય ૬ ઠ્ઠો.

॥ हरिः ॐ ॥ व्रयꣳसोमव्रतेतवमनंस्तनूषुबिभ्रंतꣳ ॥ प्रजावन्तꣳसचेमहि ॥ १ ॥

હે સોમ ! અમે તમારા કર્મમાં હાજર થઇને અને તમારા શરીરમાં ચિત્તને ધારણ કરીને પુત્ર પૌત્રાદિથી યુક્ત સદા આપના સંબંધમાં રહીએ. ૧

एषतें । रुद्रभागꣳसहस्वस्राम्बिकयातञ्जुषस्वस्वाहैषतेंरुद्रभागऽआखुस्तेंपशुः ॥ २ ॥

હે રૂદ્ર ! આપ આપની બે અમ્બિકા સાથે પુરોડાશનો ભાગ સ્વીકારી સેવન કરો; તે આવેલું હવિષ્ સ્વાહા (સારીરીતે હુત) થાઓ; આ આવેલો ભાગ આપને સેવનીય ભાગ છે; અને મૂષક આપનોપશુ છે. ૨

अवरुद्रमंदीमह्यवदेवन्त्र्यम्बकम् ॥ यथानोव्वस्यंसस्करद्यथानꣳश्रेयंसस्करद्यथानोव्यवसाययात् ॥ ३ ॥

તે રૂદ્ર ત્ર્યંબક દેવને દેવતાઓથી પૃથક્ કરીને ભોજન કરાવીએ છીએ, જેથી તે અમોને શુભ વસ્ત્રવાળી જ્ઞાતિમાં પ્રશસ્યતર (વિશેષ વખાણવાલાયક) અને સર્વ કાર્યમાં નિશ્ચયયુક્ત કરે. ૩

भेषजमसि । भेषजङ्गवेश्वायपुरुषायभेषुजम । सुखम्मेषायमेष्यै ॥ ४ ॥

હે રુદ્ર ! તમે ભેષજ (ઔષધ) રૂપ સર્વ ઉપદ્રવનિવારક છો, તે માટે અમારા ગાય અશ્વ અને પુરૂષોને ઔષધ આપો; ઘેટા ઘેટીને સુખ આપો. ૪

त्र्यंम्बकंय्यजामहेसुगन्धिम्पुष्टिवर्द्धनम ॥ उर्व्वारुकमिवबन्धनान्मृत्योर्म्मुक्षीयमामृतात ॥ त्र्यंम्बकंय्यजामहेसुगन्धिम्पतिवेदनम ॥ उर्व्वारुकमिवबन्धनादितोमुक्षीयमामुतः ॥५

(વસિષ્ઠ કહે છે કે) બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવ એ ત્રણેના પિતા પવિત્ર કીર્તિવાળા, જગતનું પોષણ કરનાર અથવા ઉપાસકને અણિમાદિ શક્તિ આપનાર આપનું અમે પૂજન કરીએ છીએ. બંધનમાંથી કાકડીની પેઠે મૃત્યુ અથવા સંસારમાંથી મુક્ત કરો, પણ મોક્ષથી કદી પણ મુક્ત કરો નહિ. પુણ્યરૂપી ગંધવાળા પતિ ત્ર્યંબકને અમે પૂજીએ છિયે, જેથી અમે કાકડીની પેઠે આ સંસારબંધનથી મુક્ત થઈએ; સ્વર્ગાદિ અમૃતથી મુક્ત કરો નહિ. ૫

एतत्ते । रुद्रावसन्तेनपरोमूजवतोतीहि ॥ अवततधन्वापिनाकावसऽकृत्तिवासाऽअहिँसन्नऽशिवोतीहि ॥ ६ ॥

હે રૂદ્ર ! ચર્માંમ્બર, આપનું હવિષ્ (ભોજ્ય) છે, તે સહિત પિનાક ધનુષ્ ચઢાવીને અમારી રક્ષા કરતા સતા અમારૂં કલ્યાણ કરો, અને મૂજવાન્ પર્વ-તનું ઉલ્લંઘન કરો. ૬

त्र्यायुषञ्जमदग्नेः कश्यपस्य त्र्यायुषम् ॥
यद्देवेषुत्र्यायुषन्तन्नोऽअस्तुत्र्यायुषम् ॥ ७ ॥

હે રૂદ્ર ! જમદગ્નિ, કશ્યપ તથા દેવોનું ત્ર્યાયુષ એટલે બાલ્ય, યૌવન અને વાર્ધક્યરૂપ ત્રણ પ્રકારનું આયુષ (ચરિત્ર) તેવું અમારૂં આયુષ (ચરિત્ર) થાઓ. ૭

शिवोनामासिस्वधितिस्तेपितानमस्तेऽअ-स्तुमामाहिᳬसीः ॥ निवर्त्तयाम्म्यायुषेन्ना-द्यायप्प्रजननायरायस्पोषायसुप्प्रजास्त्वाय-सुवीर्य्याय ॥ ८ ॥

હે રૂદ્ર ! તમે નામથી શિવ છો, સ્વધિતિ વજ્ર આપના પિતા છે. તમને અમે નમસ્કાર કરીએ છિયે; તમે અમને મારો નહિ. હે છૂટાપાડો યજમાન ! આ-યુષ, અન્નભ ક્ષણ, સંતાન, ધનપુષ્ટિ, સુપ્રભા, અને સામર્થ્ય માટે તમને પૂજું છું. ૮

इति रुद्रे षष्ठोऽध्यायः ॥ ६ ॥

એ પ્રમાણે ગુજરાતી ભાષાન્તરવાળી રૂદ્રાષ્ટાધ્યા-યીનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ થયો. ૬.

अथ सप्तमोऽध्यायः ॥

અધ્યાય ૭ મો.

॥ हरिःॐ ॥ उग्रश्च । भीमश्चध्वान्त-
श्चधुनिश्च ॥ सासह्वाँश्चाभियुग्वाचव्विक्षि-
पःस्वाहा ॥ १ ॥

ઉગ્ર, ભયંકર, શબ્દ કર્ત્તા, શત્રુઓને કમ્પાવનારા, શત્રુઓનો પરાભવ કરનારા, અમારી સન્મુખ થનારા, શત્રુઓને વિવિધરીતે ફેંકનારા એવા રૂદ્રને સ્વાહા (સુહુત) હો ! ૧

अग्निꣳहृदयेनाशनिꣳहृदयाग्ग्रेणपशुप-
तिङ्कृत्स्नहृदयेनभवंयक्ना ॥ शर्व्वम्मतस्ना-
ब्भ्यामीशानम्मन्युनामहादेवमन्तःपर्शव्ये-
नोग्ग्रन्देवंव्वनिष्ठुनाव्वसिष्ठहनुःशिङ्गीनिको-
श्याब्भ्याम ॥ २ ॥

હૃદયમાં અગ્નિને, હૃદયાગ્રમાં અશનિ (વજ્ર) ને, સમગ્ર હૃદયથી પશુપતિને, યકૃતથી ભવને, મતસ્ન (હૃદયાસ્થિ) થી શર્વને, ક્રોધ (અશ્વસબંધી) થી ઇશાનને, અતર પાર્શ્વસ્થસંબંધી અસ્થિથી મહાદેવને, વનિષ્ઠુ (સ્થૂલાંત્ર)થી ઉગ્ર દેવને અને કપોલના એક ભાગ

તથા હૃદય કોશમાં રહેલા બે માંસ પિંડોથી શિંગિ નામના દેવને હું તૃપ્ત કરૂં છું. ૨

उग्ग्रँल्लोहितेन । मित्त्रᳬसौव्व्रत्त्येनरुद्द्रन्दौर्व्व्रत्त्येनेन्द्द्रम्प्रक्रीडेनंमरुतोबलेनसाद्ध्यान्प्प्रमुदा ॥ भवस्यकण्ठ्यᳬरुद्द्रस्यान्तःपार्श्व्यम्महादेवस्ययकृच्छर्व्वस्यंव्वनिष्ठुःपशुपतेःपुरीतत् ॥ ३ ॥

લોહિત (રક્ત)થી ઉગ્ર દેવને, સારા વ્રતથી મિત્રને, દુર્વ્રતથી રૂદ્રને, ક્રીડાથી ઇન્દ્રને, બળથી મરૂતને, આનંદથી સાધ્ય દેવને, કંઠમાં ભવને, અંતઃપાર્શ્વમાં રૂદ્રને, યકૃતમાં મહાદેવને, સ્થૂલાંત્રમાં શર્વને અને પુરીતત (હૃદયાચ્છાદકમંત્ર)થી પશુપતિને તૃપ્ત કરૂં છું. ૩

लोमब्भ्यःस्वाहा । लोमब्भ्यःस्वाहात्त्वचेस्वाहात्त्वचेस्वाहालोहितायस्वाहालोहितायस्वाहामेदोब्भ्यःस्वाहामेदोब्भ्यःस्वाहामाᳬसेब्भ्यःस्वाहामाᳬसेब्भ्यःस्वाहास्नावब्भ्यःस्वाहास्नावब्भ्यःस्वाहास्त्थब्भ्यःस्वाहास्त्थब्भ्यः स्वाहामज्जब्भ्यःस्वाहामज्जब्भ्यःस्वाहा ॥ रेतसेस्वाहापायवेस्वाहा ॥ ४ ॥

લોમને, ત્વચાને, રક્તને, મેદને, માંસને, સ્નાયુને

અસ્થિને, મન્ત્રને, રેતને, પાયુ (ગુદા)ને સ્વાહા હો! ૪

**आयासायस्वाहा । प्प्रायासायस्वाहासं-
य्यासायस्वाहाव्वियासायस्वाहोद्यासायस्वाहा
॥ शुचेस्वाहाशोचतेस्वाहाशोचमानायस्वाहा-
शोकायस्वाहा ॥ ५ ॥**

આયાસ, પ્રયાસ, સંયાસ, વિયાસ, ઉદ્યાસ, શોચ શોચત્, શોચમાન અને શોકને સ્વાહા હો! ૫

**तपसेस्वाहा । तप्प्यतेस्वाहातप्प्यमाना-
यस्वाहातप्प्तायस्वाहाघर्म्मायस्वाहा ॥ नि-
ष्कृत्यैस्वाहाप्प्रायश्चित्यैस्वाहाभेषजायस्वाहा**

તપ, તપત્, તપ્યમાન, તપ્ત, ઘર્મ, નિષ્કૃતિ, પ્રાયશ્ચિત્ત, અને ભેષજને સ્વાહા! ૬

**यमायस्वाहान्तकायस्वाहामृत्यवेस्वाहा ॥
ब्रह्मणेस्वाहाब्रह्महत्यायैस्वाहाव्विश्वेब्भ्योदेवे-
ब्भ्यःस्वाहाद्यावापृथिवीब्भ्याꣳस्वाहा ॥७॥**

યમ, અંતક, મૃત્યુ, બ્રહ્મા, બ્રહ્મહત્યા, સમગ્રદેવ, સ્વર્ગ અને પૃથ્વીને સ્વાહા! ૭

इति रुद्रे सप्तमोऽध्यायः ॥ ७ ॥

એપ્રમાણે ગુજરાતી ભાષાન્તરવાળી રૂદ્રાષ્ટાધ્યાયીનો સાતમો અધ્યાય સંપૂર્ણ થયો. ૭

अथ रुद्राष्टकेऽष्टमोऽध्यायः ॥

અધ્યાય ૮ મો.

॥ हरिःॐ ॥ व्वाजश्च । मेप्रसवश्चमेप्रयतिश्चमेप्रसितिश्चमेधीतिश्चमेक्रतुश्चमेस्वरश्चमेश्लोकश्चमेश्रवश्चमेश्रुतिश्चमेज्योतिश्चमेस्वश्चमेयज्ञेनकल्पन्ताम ॥ १ ॥

અન્ન, અન્નદાન સ્વીકાર, શુદ્ધિ, અન્નસંબંધી ઉત્કંઠા, ધ્યાન, યજ્ઞ, સ્વર, શ્લોક, વેદમંત્ર, બ્રાહ્મણ, પ્રકાશ અને સ્વર્ગ એ સર્વ મારા યજ્ઞથી કલ્પાઓ ! ૧.

प्राणश्च । मेपानश्चमेव्व्यानश्चमेसुश्चमेचित्तञ्चमऽ आधीतञ्चमेव्वाक्चमेमनश्चमेचक्षुश्चमेश्रोत्रञ्चमेदक्षश्चमेबलञ्चमेयज्ञेनकल्पन्ताम ॥ २ ॥

પ્રાણ, અપાન, વ્યાન, અસુ (પ્રવૃત્તિવાળો વાયુ), ચિત્ત, બાહ્ય વિષયજ્ઞાન, વાણી, મન, નેત્ર, કર્ણ, દક્ષતા, અને બલ, અમારા યજ્ઞથી પ્રાપ્ત થાઓ. ૨.

ओजश्च । मेसहश्चमऽ आत्माचमेतनूश्चमेशर्म्मचमेव्वर्म्मचमेङ्गानिचमेस्थीनिचमे

परूᳬषिचमेशरीराणिचमऽआयुश्चमेजरा-
चमेयज्ञेनकल्पन्ताम् ॥ ३ ॥

ઓજ, શારીરબળ, આત્મા, તનૂ (શરીર) સુખ, કવચ, અંગો, અસ્થિ, અંગુલ્યાદિ ગ્રંથિ, શરીરો, આયુષ્ અને જરા, યજ્ઞથી સંપન્ન થાઓ. ૩.

ज्यैष्ठ्यंञ्च।मऽआधिपत्त्यञ्चमेमन्युश्चमेभा
मंश्चमेमश्चम्भश्चमेजेमाचमेमहिमाचमेव्व-
रिमाचमेप्प्रथिमाचमेव्वर्षिमाचमेद्राघिमाच-
मेव्वृद्धञ्चमेव्वृद्धिश्चमेयज्ञेनकल्पन्ताम् ॥ ४ ॥

જ્યેષ્ઠતા, સ્વામિતા, માનસક્રોધ, બાહ્યક્રોધ, અપરિમેય જળ, જયસામર્થ્ય, મહત્તા, શ્રેષ્ઠતા, પૃથુતા, દીર્ઘજીવિતા, અવિચ્છિન્નવંશતા, પુષ્કળ અન્નધન, અને વિદ્યાદિ ગુણોથી ઉત્કર્ષ, એ સર્વ યજ્ઞથી પ્રાપ્ત થાઓ ! ૪.

सत्त्यञ्च । मेश्रद्धाचमेजगच्चमेधनञ्चमेव्वि-
श्वञ्चमेमहश्चमेक्रीडाचमेमोदश्चमेजातञ्चमे
जनिष्ष्यमाणञ्चमेसूक्तञ्चमेसुकृतञ्चमेयज्ञेनक-
ल्प्पन्ताम् ॥ ५ ॥

સત્ય, શ્રદ્ધા, જગત્, ધન, વિશ્વ, મહઃ (તેજ), ક્રીડા, હર્ષ, જાત (પુત્ર), જનિષ્યમાણ (ભાવિપુત્રાદિ) સૂક્ત અને સુકૃત યજ્ઞથી પ્રાપ્ત થાઓ ! ૫.

ऋृतञ्च । मेमृतञ्चमेयुक्ष्मञ्चमेनामयच्चमे जीवातुश्चमेदीर्घायुत्वञ्चमेनमित्रञ्चमेभयञ्च-मेसुखञ्चमेशयनञ्चमेसूषाश्चमेसुदिनञ्चमेयज्ञे-नंकल्पन्ताम ॥ ६ ॥

યજ્ઞાદિ કર્મ, તજ્જન્ય સ્વર્ગાદિ, ક્ષયાદિ રોગોનો અ-ભાવ, સામાન્ય વ્યાધિનાશ, જીવનપ્રદ ઔષધિ, દીર્ઘ આયુષ્, શત્રુનાશ, અભય, સુખ, શયન, સારો પ્રાતઃકાળ (સ્નાનસંધ્યાદિ યુક્ત) અને સારો દિવસ (યજ્ઞદાનાદિ યુક્ત) એ સર્વ યજ્ઞથી સિદ્ધ થાઓ. ૬.

यन्ताचं । मेधर्ताचंमेक्षेमश्चमेधृतिश्चमे विश्वञ्चमेमहश्चमेसंविच्चमेज्ञात्रञ्चमेसूश्चमे प्रसूश्चमेसीरञ्चमेलयश्चमेयज्ञेनंकल्पन्ताम ७

અશ્વાદિના નિયંતા, પોષક પિતાઆદિ, ક્ષેમ (ધનની રક્ષણશક્તિ), ધીરજ, સર્વાનુકૂલતા, પૂજા, વેદશાસ્ત્રાદિ જ્ઞાન, વિજ્ઞાન, સામર્થ્ય, સૂ-(પુત્રાદિ પ્રેરણ સામર્થ્ય) પ્રસૂ (પુત્રોત્પત્યાદિ સામર્થ્ય), સીર (ખેડથી કરેલ ધાન્ય-નિષ્પત્તિ) અને લય (કૃષિનાં વિઘ્નની નિવૃત્તિ), એ સર્વ યજ્ઞથી સિદ્ધ થાઓ. ૭.

शंचमेमयश्चमेप्प्रियञ्चमेनुकामश्चमेकाम-श्चमेसौमनसश्चमेभगश्चमेदावीणञ्चमेभद्र-

ञ्चमेश्रेयश्चमेवसीयश्चमेयशश्चमेयज्ञेनकल्प न्ताम् ॥ ८ ॥

ઐહિક સુખ, પારલૌકિક સુખ, પ્રિયવસ્તુ, યત્નસાધ્ય પદાર્થ, કામ, સારા મનવાળો બંધુવર્ગ, સૌભાગ્ય, ધન, ભદ્ર, શ્રેય, ઉત્તમ ગૃહ અને કીર્તિ એ સર્વ યજ્ઞથી સંપન્ન થાઓ. ૮

ऊर्क्चं । मेसूनृताचमेपयश्चमेरसश्चमेघृतञ्चमेमधुचमेसग्ग्धिश्चमेसपीतिश्चमेकृषिश्चमेवृष्टिश्चमेजैत्रञ्चमऽ औद्भिद्यञ्चमेयज्ञेनकल्पन्ताम् ॥ ९ ॥

અન્ન, સત્યપ્રિયવાણી, દુગ્ધ, રસ, ઘૃત, મધુ, બંધુઓસાથે ભોજન, બન્ધુઓસાથે પાન, કૃષિ, વૃષ્ટિ, જયસામર્થ્ય અને આમ્રાદિ વૃક્ષની ઉત્પત્તિ, યજ્ઞથી સિદ્ધ થાઓ ! ૯.

रयिश्चं । मेरायश्चमेपुष्टञ्चमेपुष्टिश्चमेविभुचमेप्रभुचमेपूर्णञ्चमेपूर्णतरञ्चमेकुयवञ्चमेक्षितञ्चमेन्नञ्चमेक्षुच्चमेयज्ञेनकल्पन्ताम् ॥१०

સુવર્ણ, મુક્તાદિ મણિ, ધનપુષ્ટિ, શરીરપુષ્ટિ, વ્યાપકતા, ઐશ્વર્ય, પૂર્ણ (ધનપુત્રાદિની બોહોળાઈ), પૂર્ણતર (હાથી ઘોડાની બોહોળાઈ), કુત્સિત ધાન્ય, ક્ષયહીન ધાન્ય, અન્ન અને ક્ષુધા, એ સર્વ યજ્ઞથી સિદ્ધ થાઓ. ૧૦.

वित्तञ्च । मेवेद्यञ्चमेभूतञ्चमेभविष्यच्चमे-सुगञ्चमेसुपत्थ्यञ्चमऽऋद्धञ्चमऽऋद्धिश्चमे-क्लृप्तञ्चमेक्लृप्तिश्चमेमतिश्चमेसुमतिश्चमेयज्ञेन-कल्पन्ताम ॥ ११ ॥

વિત્ત (મેળવેલું), વેદ્ય (મેળવવાનું), ભૂત, ભાવિ, સુગમ્ય દેશ, સુપથ્ય, યજ્ઞફળ, યજ્ઞાદિ સમૃદ્ધિ, કાર્ય-ક્ષેમ, દ્રવ્યાદિ, સુકાર્ય, સામર્થ્ય, મતિ (પદાર્થ નિશ્ચય) અને સુમતિ (સુદુઃસાધ્ય કાર્ય) નિશ્ચય એ સર્વ યજ્ઞથી સિદ્ધ થાઓ! ૧૧.

व्रीहयश्च । मेयवाश्चमेमाषाश्चमेतिला-श्चमेमुद्गाश्चमेखल्वाश्चमेप्रियङ्गवश्चमेणव-श्चमेश्यामाकाश्चमेनीवाराश्चमेगोधूमाश्च-मेमसूराश्चमेयज्ञेनकल्पन्ताम ॥ १२ ॥

વ્રીહિ, યવ, માષ, તલ, મગ, ચણા, કાંગ, અણુ, સામો, રાજગરો, ઘઉં, અને મસૂર એ સર્વ યજ્ઞથી સંપન્ન થાઓ! ૧૨.

अश्मचमेमृत्तिकाचमेगिरयश्चमेप-र्वताश्चमेसिकताश्चमेवनस्पतयश्चमेहिरण्य-

ञ्चमेयश्चमेश्यामञ्चमेलोहञ्चमेसीसञ्चमेत्रपुं-
चमेयज्ञेनकल्पन्ताम् ॥ १३ ॥

પાષાણ, માટી, નાના પર્વત, મોટા પર્વત, રેતી, વન-
સ્પતિ, સુવર્ણ, રૂપું, લોહ, તામ્ર, કાંસું, સીસું, અને ત્રપુ
એ સર્વ યજ્ઞથી સિદ્ધ થાઓ! ૧૩.

अग्निश्च । मऽआपश्चमेव्वीरुधश्चमऽओष-
धयश्चमेकृष्टपच्याश्चमेकृष्टपच्याश्चमेग्रा-
म्म्याश्चमेपशवआरण्याश्चमेव्वित्तञ्चमेव्वित्ति-
श्चमेभूतञ्चमेभूतिश्चमेयज्ञेनकल्पन्ताम् १४

અગ્નિ, જળ, લતાગુલ્મ, ઔષધી, ખેડથી થતાં અ-
નાજ, ખેડ વગર પોતાની મેળે થતાં ગ્રામ્ય (ગાય,
બળદ, ભેંસ, ઘોડા, વિગેરે પશુ), અરણ્યવાસી (હાથી,
સિંહ, વિગેરે પશુ), વિત્ત (લબ્ધ ધન), વિત્તિ (ભાવિ
લાભ), ભૂત (ઉત્પન્ન પુત્રાદિ) અને ભૂતિ (ઐશ્વર્ય) એ
સર્વ યજ્ઞથી સંપન્ન થાઓ. ૧૪.

व्वसुच । मेव्वसतिश्चमेकर्म्मचमेशक्तिश्च-
मेर्थश्चमऽएमश्चमऽइत्याचमेगतिश्चमेयज्ञे-
नकल्पन्ताम् ॥ १५ ॥

ધન, વાસ, કર્મ, શક્તિ, અભિલષિત અર્થ, પ્રાપ્તવ્ય
અર્થ, ઇષ્ટપ્રાપ્તિ ઉપાય અને ઇષ્ટપ્રાપ્તિ એ સર્વ યજ્ઞથી
સંપન્ન થાઓ! ૧૫.

अग्निश्च । मुऽइन्द्रंश्चमेसोमश्चमुऽइन्द्रं-श्चमेसविताचमुऽइन्द्रश्चमेसरस्वतीचमुऽ इ-न्द्रश्चमेपूषाचमु ऽइन्द्रश्चमेबृहस्प्पतिश्चमु-ऽइन्द्रश्चमेयुज्ञेनकल्प्पन्ताम ॥ १६ ॥

અગ્નિ, સોમ, સવિતા, સરસ્વતી, પૂષા, ઇન્દ્ર, બૃહુ-સ્પતિઇન્દ્ર, અને ઇન્દ્ર એ સર્વ યજ્ઞથી સિદ્ધ થાઓ. (આ મંત્રમાં પૂષા અને બૃહુસ્પતિ ઇન્દ્રના સમાન ભાગી હોવાથી તેમની સાથે ઇન્દ્રશબ્દ મૂકેલો છે). ૧૬.

मित्रश्च । मुऽइन्द्रमुेव्वरुणश्चमुऽइन्द्रंश्चमे-धाताचमुऽइन्द्रश्चमेत्त्वष्टाचमुऽइन्द्रंश्चमेमरु-तंश्चमुऽइन्द्रश्चमेव्विश्वेचमेदेवाऽइन्द्रश्चमेयुज्ञे-नकल्प्पन्ताम ॥ १७ ॥

મિત્ર, વરૂણ, ધાતા, ત્વષ્ટા, મરૂત અને વિશ્વેદેવા એ નામથી પ્રસિદ્ધ દેવોસહિત ઇન્દ્ર, યજ્ઞથી સંપન્ન થાઓ ! ૧૭.

पृथिवीच । मुऽइन्द्रंश्चमेन्तरिक्षञ्चमुऽइ-न्द्रश्चमेद्यौश्चमुऽइन्द्रश्चमेसमाश्चमुऽइन्द्रश्च-मेनक्षत्राणिचमु ऽइन्द्रश्चमेदिशश्चमु ऽइन्द्रं-श्चमेयुज्ञेनकल्प्पन्ताम ॥ १८ ॥

પૃથ્વી, અંતરિક્ષ દ્યૌ, સમા (વર્ષની અધિષ્ઠાત્રી દેવતા)

નક્ષત્રો, દિશાઓ, એ નામથી પ્રસિદ્ધ ઇન્દ્ર યજ્ઞથી સંપન્ન થાઓ! ૧૮.

अ॒ꣳशुश्च॑ मे र॒श्मिश्च॒ मेऽदा॑भ्यश्च॒ मेऽधि॑पतिश्च म उपा॒ꣳशुश्च॑ मेन्तर्या॒मश्च॑ म ऐन्द्रवाय॒वश्च॑ मे मैत्रावरु॒णश्च॑ म आश्वि॒नश्च॑ मे प्रतिप्र॒स्थान॑श्च मे शु॒क्रश्च॑ मे म॒न्थी च॑ मे य॒ज्ञेन॑ कल्पन्ताम् ॥ १९ ॥

સોમાદિ ગ્રહો, જળનું શોષણ કરનાર, સૂર્યનાં કિરણો તથા તેનો અધિષ્ઠાતા દેવ, ઉપાંશુ, અંતર્યામ, ઐન્દ્રવાયવ, મૈત્રાવરૂણ, આશ્વિન (અશ્વિની સંબંધી) પ્રતિપ્રસ્થાન, શુક્ર અને મંથી એ સર્વ યજ્ઞથી સિદ્ધ થાઓ! ૧૯

आ॒ग्र॒य॒णश्च॑ मे वैश्वदे॒वश्च॑ मे ध्रु॒वश्च॑ मे वैश्वान॒रश्च॑ म ऐन्द्रा॒ग्नश्च॑ मे म॒हावैश्वदे॒वश्च॑ मे मरुत्व॒तीया॑श्च मे॒ निष्के॑वल्यश्च मे सावि॒त्रश्च॑ मे सारस्व॒तश्च॑ मे पात्नीव॒तश्च॑ मे हारियोज॒नश्च॑ मे य॒ज्ञेन॑ कल्पन्ताम् ॥ २० ॥

આગ્રયણ, વૈશ્વદેવ, ધ્રુવ, વૈશ્વાનર, ઐન્દ્રાગ્નિ, મહાવૈશ્વદેવ, મરૂત્વતીય, નિષ્કેવલ્ય, સાવિત્ર, સારસ્વત, પાત્નીવત અને હારિયોજન એ સર્વ અમારા યજ્ઞથી સિદ્ધ થાઓ! ૨૦.

स्रुचँश्च । मेचमसाश्चंमेव्वायव्व्यानिचमेद्रोणकलशश्चंमेग्ग्रावाणश्चमेधिषवणेचमेपूतभृच्चमऽआधवनीयंश्चमेवेदिंश्चमेबर्हिश्चंमेवभृथश्चंमेस्वगाकारश्चंमेयज्ञेनंकल्पन्ताम् २१

સ્રુખા, ગૃહપાત્ર, વાયવ્ય, દ્રોણકલશ (સોનાનો ઘડો) પત્થર, કાષ્ઠનું પાટીયું, પૂતભૃત્ અને આહવનીય નામનાં બે સોમપાત્ર, વેદી, કુશા, અવભૃથ સ્નાન, અને સ્વગાકાર એ સર્વ યજ્ઞથી પ્રાપ્ત થાઓ! ૨૧.

अग्निश्चं । मेघर्म्मश्चंमेर्कश्चमेसूर्य्यश्चमेप्राणश्चंमेश्वमेधश्चंमेपृथिवीचमेदितिश्चमेदितिश्चमेद्यौश्चंमेङ्गुलंयुऽशक्करयोदिशंश्चमेयज्ञेनंकल्पन्ताम् ॥ २२ ॥

અગ્નિ, હવ્ય પદાર્થ, અર્ક (યજ્ઞ) સૂર્ય પ્રાણ, અશ્વમેધ, પૃથિવી, અદિતી, દિતી, દ્યુલોક, વિરાટપુરૂષના અવયવ (અંગુલિ), શક્તિ અને દિશાઓ યજ્ઞથી સિદ્ધ થાઓ! ૨૨.

व्रतञ्चं । मऽऋतवश्चंमेतपश्चमेसंवत्सरश्चंमेहोरात्रे ऽऊर्व्वष्ठीवेबृंहद्रथन्तरेचंमेयज्ञेनंकल्पन्ताम् ॥ २३ ॥

વ્રત, ઋતુઓ, તપ, સંવત્સર, અહોરાત્ર, જાનુ, અને

બૃહદ્રથંતર નામના બે સામ, એ સર્વ યજ્ઞથી પ્રાપ્ત થાઓ ! ૨૩.

एकाच । मेतिस्त्रश्चमेतिस्त्रश्चमेपञ्चचमेपञ्चचमेसप्तचमेसप्तचमेनवचमेनवचमऽएकादशचमऽएकादशचमेत्रयोदशचमेत्रयोदशचमेपञ्चदशचमेपञ्चदशचमेसप्तदशचमेसप्तदशचमेनवदशचमेनवदशचमऽएकविꣳशतिश्चमऽएकविꣳशतिश्चमेत्रयोविꣳशतिश्चमेत्रयोविꣳशतिश्चमेपञ्चविꣳशतिश्चमेपञ्चविꣳशतिश्चमेसप्तविꣳशतिश्चमेसप्तविꣳशतिश्चमेनवविꣳशतिश्चमेनवविꣳशतिश्चमऽएकत्रिꣳशच्चमऽएकत्रिꣳशच्चमेत्रयस्त्रिꣳशच्चमेयज्ञेनकल्पन्ताम ॥ २४ ॥

એકથી તેત્રીશ સુધીના વિષયમંત્રો યજ્ઞથી સિદ્ધ થાઓ, અયુગ્મ સ્તોત્રના હોમથી સર્વ કામની પ્રાપ્તિ થાય છે, તેમજ શ્રુતિમાં કહ્યું છે કે, દેવતાઓ સર્વ કામને પ્રાપ્ત કરીને યુગ્મસ્તોત્રોથી સ્વર્ગલોક પામ્યા, તેવી રીતે યજમાન સર્વકામ પ્રાપ્ત કરી યુગ્મસ્તોત્રથી સ્વર્ગલોકને પામે છે. ૨૪.

चतस्रश्च । मेष्टौचमेष्टौचमेद्वादशचमेद्वा-
दशचमेषोडशचमेषोडशचमेविꣳशतिश्चमे-
विꣳशतिश्चमेचतुर्विꣳशतिश्चमेचतुर्विꣳश-
तिश्चमेष्टाविꣳशतिश्चमेष्टाविꣳशतिश्चमेद्वा-
त्रिꣳशच्चमेद्वात्रिꣳशच्चमेषड्त्रिꣳशच्चमेषड्-
त्रिꣳशच्चमेचत्वारिꣳशच्चमेचत्वारिꣳशच्चमे-
चतुश्चत्वारिꣳशच्चमेचतुश्चत्वारिꣳशच्चमेष्टा-
चत्वारिꣳशच्चमेयज्ञेनकल्पन्ताम् ॥ २५ ॥

ચાર, આઠ, બાર, એ પ્રમાણે મંત્રપર્યંત હવન કર-
વાથી સ્વર્ગપ્રાપ્તિ થાય છે તે યજ્ઞથી સિદ્ધ થાઓ ! ૨૫.

त्र्यविश्च । मेत्र्यवीचमेदित्यवाट्चमेदि-
त्यौहीचमेपञ्चाविश्चमेपञ्चावीचमेत्रिवत्स-
श्चमेत्रिवत्साचमेतुर्य्यवाट्चमेतुर्य्यौहीचमेय-
ज्ञेनकल्पन्ताम् ॥ २६ ॥

ત્ર્યવિ (૧૮ માસનો વૃષભ), ત્ર્યવી (૧૮ માસની
ગાય), દિત્યવાટ્ (૨૪ માસનો વૃષભ), દિત્યૌહી (૨૪
માસની ગાય), પંચાવિ (૩૦ માસનો વૃષભ), પંચાવી
(૩૦ માસની ગાય), ત્રિવત્સ (૩૬ માસનો વૃષભ),
ત્રિવત્સા (૩૬ માસની ગાય), તુર્યવાટ (૪૨ માસનો

વૃષભ) અને તુર્યોટી (૪૨ માસની ગાય) એ સર્વ યજ્ઞથી સંપન્ન થાઓ! ૨૬.

पृष्ठवाट्च॑ । मेपष्ठौही च॑मऽउक्षाच॑मेव्व॒शाच॑मऽऋषभश्च॑मेव्वेहश्च॑मेनड्वाँश्च॑मेधेनुश्च॑मेयज्ञेन॑कल्पन्ताम् ॥ २७ ॥

પષ્ઠવાટ્ (૪ વર્ષનો વૃષભ), પષ્ઠૌહી (ચાર વર્ષની ગાય), ઉક્ષા (યુવાવૃષ), વશા (વંધ્યા ગાય), અતિ યુવાવૃષભ, વેહત્ (ગર્ભઘાતક ગાય) અનડ્વાન્ (ગાડું વહેનાર વૃષભ), અને ધેનુ (પ્રસૂત ગાય) એ સર્વ યજ્ઞથી સંપન્ન થાઓ. ૨૭.

व्वाजा॑यस्वाहा॑ । प्प्रसवायस्वाहा॑पिजायस्वाहाक्रत॑वेस्वाहाव्वस॑वेस्वाहा॑हर्प्पत॑येस्वाहान्हे॑मुग्धायस्वाहा॑मुग्धाय॑वैनꣳशिनायस्वाहा॑व्विनꣳशिन॑ऽआन्त्यायनायस्वाहान्त्या॑यभौवनायस्वाहाभुव॑नस्यपत॑येस्वाहाधिपतयेस्वाहा॑प्प्रजाप॑तयेस्वाहा॑ ॥ इयन्तेराण्मित्रायय॑न्तासियम॑नऽऊर्ज्जैत्वावृष्ट्यैत्वाप्प्रजानान्त्वाधिपत्याय ॥ २८ ॥

વાજ (ચૈત્ર), પ્રસવ (વૈશાખ), અપિજ (જ્યેષ્ઠ), ક્રતુ (અષાઢ), વસુ (શ્રાવણ), અહર્પતિ (ભાદ્રપદ),

મુગ્ધ (આશ્વિન), અમુગ્ધ (કાર્તિક), અવૈનશિન (માર્ગશીર્ષ), વિનંશી (પૌષ), ભુવનાપતિ (માઘ), અધિપતિ (ફાલ્ગુન), એ બાર માસના અધિષ્ઠાતા પ્રજાપતિ દેવને સ્વાહા (સુહુત હો). હે અગ્નિ ! જ્યાં યજ્ઞ કરાય છે, ત્યાં આપનું રાજ્ય છે. વળી હે અગ્નિ ! તમે મિત્ર-(યજમાન)ના નિયામક છો તેથી અન્નરસ, વૃષ્ટિ અને પ્રજાના અધિપતિપણાની પ્રાપ્તિ માટે આપને અભિષેક કરીએ છીએ. ૨૮.

आयुर्य्यज्ञेन॑ । कल्पताम्प्राणो य॒ज्ञेन॑ कल्पताञ्चक्षु॒र्य्यज्ञेन॑ कल्पता॒ᳬश्रोत्रं॑ य॒ज्ञेन॑ कल्पता॒म्वाग्य॒ज्ञेन॑ कल्पता॒म्मनो॑ य॒ज्ञेन॑ कल्पतामा॒त्मा य॒ज्ञेन॑ कल्पताम्ब्र॒ह्मा य॒ज्ञेन॑ कल्पता॒ञ्ज्योति॒र्य्य॒ज्ञेन॑ कल्पता॒ᳬस्व॒र्य्य॒ज्ञेन॑ कल्पताम्पृ॒ष्ठँय्य॒ज्ञेन॑ कल्पतां य॒ज्ञो य॒ज्ञेन॑ कल्पताम् ॥ स्तोम॑श्च॒ यजु॑श्च॒ऽऋक्च॒ साम॑ च बृ॒हच्च॑ रथन्त॒रञ्च॑ । स्व॑र्दे॒वाऽअगन्मा॒मृता॑ऽअभूम प्र॒जाप॑तेः प्र॒जाऽअ॑भूम॒ वेट् स्वाहा॑ २९

યજ્ઞથી આયુષ, પ્રાણ, ચક્ષુ, શ્રોત્ર, વાણી, મન, આત્મા, બ્રહ્મા, જ્યોતિ, સ્વર્ગ, સ્તોત્ર અને યજ્ઞ પ્રાપ્ત થાઓ ! અને સ્તોત્ર–ઋગ્–યજુસ્–સામન્–બૃહદ્રથંતર અને સ્વર્ગના દેવતાઓની પ્રાપ્તિ થાય, અને પ્રજાપતિની

પ્રજા થઈને અમૃત (મરણ રહિત) થઈએ. (છેલ્લે વેટ્
શબ્દ દેવતાઓને અન્નપ્રદાનનો વાચક છે). ૨૯.

इति रुद्रेऽष्टमोऽध्यायः ॥ ८ ॥

એ પ્રમાણે ગુજરાતી ભાષાંતરવાળી અષ્ટાધ્યાયી રુદ્રીનો આઠમો અધ્યાય સંપૂર્ણ થયો. ૮.

अथ रुद्राष्टके शान्त्यध्यायः ।

શાન્તિ અધ્યાય.

॥ हरिः ॐ ॥ ऋचंव्वाचम्प्रपंद्येमनोयजुꣳप्प्रपंद्येसामप्प्राणम्प्रपंद्येचक्षुꣳश्रोत्रंप्रपंद्ये ॥ व्वागोजं÷सुहौजोमयिप्प्राणापानौ ॥ १ ॥

ઋગ્રૂપ વાણી, મનરૂપ યજુસ્, અને પ્રાણીરૂપ સામને શરણે જાઉંછું. ચક્ષુ અને શ્રોત્રને હું પ્રાપ્ત કરૂંછું. વાણી, ઓજસ્, મનોબળને શરીરબળ, પ્રાણ અને અપાન એ સર્વે એક થઈને મારામાં વર્તે છે. ૧.

यन्मे । छिद्द्रञ्चक्षुषोहृदयस्यमनंसोव्वातितृणम्बृहस्प्पतिंर्म्मेतद्दधातु ॥ शन्नोंभवतुभुवंनस्यंयस्प्पतिं÷ ॥ २ ॥

અયોગ્યાચરણથી ચક્ષુ, મન અને બુદ્ધિની વ્યાકુલતા-રૂપ જે છિદ્ર થયેલું છે, તેને બૃહસ્પતિ દૂર કરો; અને જે પ્રાણીમાત્રના અધિપતિ છે, તે અમોને સુખપ્રદ થાઓ૰ર

भूर्भुवःस्वः । तत्सवितुर्वरेण्यम्भर्गोदेवस्यधीमहि ॥ धियोयोनःप्रचोदयात् ॥ ३ ॥

સવિતા દેવના તે જ્યેષ્ઠ તેજનું અમે ધ્યાન ધરીયે છિયે, જે અમારી બુદ્ધિને પ્રેરેછે. ૩.

कयानश्चित्रआभुवदूतीसदावृधःसखा। कयाशचिष्ठयावृता ॥ ४ ॥

સદા વૃદ્ધિ પામતા, પૂજનીય, મિત્ર ભૂત ઇન્દ્ર, તૃપ્તિથી, પ્રજ્ઞાસહિત અને કોઈ પણ કર્મથી સહાયક થાયછે. ૪.

कस्त्वा । सत्योमदानाम्मंहिष्ठोमत्सदन्धसः ॥ दृढाचिदारुजेवसु ॥ ५ ॥

પૂજનીય, સત્યભૂત, એવા હે ઇન્દ્ર! જે આપની સાથે મદ કરેછે, તેવા શત્રુઓનાં દૃઢ ધનને તમે છિન્ન ભિન્ન કરી નાંખો છો. ૫.

अभीषुणः। सखीनामविताजरितृणाम् ॥ शतम्भवास्यूतिभिः ॥ ६ ॥

હે ઇન્દ્ર! તમે મિત્રોના અને સ્તોતાઓના પાલક છો

એટલામાટે તમે રક્ષણમાટે બહુરૂપ ધારણ કરો છો. ૬.

कयात्वन्नऽऊत्याभिप्प्रमंन्दसेव्वृषन॥कया-स्तोतृब्भ्यऽआभर ॥ ७ ॥

હે વૃષ્ટિ કરનારા ઇન્દ્ર! તમે ક્યા તર્પણથી અમોને આનંદિત કરો છો? અને કઈ તૃપ્તિથી તમે સ્તુતિ કર-નારને ધન આપો છો? ૭.

इन्द्रोव्विश्श्वस्यराजति ॥ शन्नोऽअस्तुद्विपदेशञ्चतुंष्प्पदे ॥ ८ ॥

જગતના ઇન્દ્ર પરમેશ્વર! (આદિત્ય) જે પ્રકાશે છે, તે દ્વિપદ (પુત્રાદિ) અને ચતુષ્પદ (ગાયઆદિ) ને માટે સુખરૂપ થાઓ! ૮.

शन्नोमित्रऽशंवरुणऽशनोभवत्वर्य्यमा ॥ शन्नऽइन्द्रोबृहस्प्पतिऽशन्नोव्विष्णुरुरुक्क्रमऽ

મિત્ર, વરુણ, અર્યમા, ઇન્દ્ર, બૃહસ્પતિ, અને વિ-સ્તીર્ણ ક્રમ (ડગલાં) વાળા વિષ્ણુ, એ સર્વ અમને સુખ-રૂપ થાઓ!

शन्नोव्वातः । पवताᳬशन्नस्तपतुसूर्य्यः॥ शन्नऽकनिक्क्रदद्देवऽपर्ज्जन्योऽअभिवर्षतु १०

અમોને સુખકારક વાયુ વાઓ! અમોને સુખકારક

સૂર્ય તપો ! અને અત્યંત શબ્દકારી મેઘ અમોને સુખ-કારક વરસો ! ૧૦.

अहानिशम्भवन्तुनःशꣳरात्रीऽप्रतिधीयताम् ॥ शन्नऽइन्द्राग्नीभवतामवोभिःशन्नइन्द्रावरुणारातहव्या ॥ शन्नऽइन्द्रापूषणावाजसातौशमिन्द्रासोमासुवितायशंय्योः ११

પરમેશ્વરના પ્રસાદથી દિનરાત સુખરૂપ થાઓ ! હુ-વિષથી તૃપ્ત થયેલા ઇન્દ્રાગ્નિ તથા ઇન્દ્ર, વરૂણ, ઇન્દ્રપુષા, ઇન્દ્રસેન, એ સર્વે દેવ સાધુની ઉત્પત્તિ માટે રોગ અને ભયને દૂર કરીને સુખરૂપ થાઓ ! ૧૧.

शंनोदेवीरभिष्टयऽआपोभवन्तुपीतये ॥ शंय्योरभिस्रवन्तुनः ॥ १२ ॥

દીવ્યમાન્ જલ દેવતા સ્નાન અને પાનને માટે સુખ રૂપ થાઓ; અમારા રોગનું શમન કરી સુખરૂપ થાઓ અને અમારી શુદ્ધિને માટે અમારાપર સવણ (સિંચન) કરો. ૧૨.

स्योनापृथिवि।नोभवानृक्षरानिवेशनी ॥ यच्छानःशर्म्मसप्रथाः ॥ १३ ॥

હે કંટકરહિત ! સાધુના નિવાસભૂત ! વિસ્તારવાળી પૃથ્વી દેવતા, તું અમોને સુખરૂપ થા ! અને અમોને શરણ આપ. ૧૩.

आपोहि।ष्ठामयोभुवस्तानऽऊर्ज्जेदधातन।
महेरणायचक्षसे ॥ १४ ॥

હે જલદેવતા! અમોને સુખકારક થાઓ! અમને અન્ન પ્રાપ્તિ માટે યોગ્ય કરો અને અમને મહારમણીય બ્રહ્મદર્શન માટે યોગ્ય કરો! ૧૪

योवंःशिवतमोरसस्तस्यभाजयतेहनः ।
उशतीरिवमातरः ॥ १५ ॥

હે જલદેવતા ! આપનો જે અત્યંત સુખરૂપ રસ છે, તે આ લોકમાં જેવી રીતે માતા પોતાના બાળકને પ્રીતિ સાથે સ્તનપાન કરાવે છે, તેવી રીતે અમોને સર્વને પ્રાપ્ત થાઓ ! ૧૫.

तस्म्माऽअरंङ्गमामवोयस्यक्षयायजिन्न्वथ।
आपोजनयथाचनऽ ॥ १६ ॥

હે જલદેવતા ! આપ જે પાપના ક્ષય માટે અમોને તુષ્ટ કરો છો, તે પાપના ક્ષય માટે અમે સત્વર આપને મસ્તકપર સિંચીએ છિયે, અથવા અમે આપને અન્નની પૂર્ણ પ્રાપ્તિ માટે શરણુ આવીએ છિયે. હે જલદેવતા! તમે અમોને પ્રજોત્પાદનમાં સમર્થ કરો! ૧૬.

द्यौऽशान्तिरन्तरिक्षऽशान्तिःपृथिवीशा-
न्तिरापऽशान्तिरोषधयऽशान्तिः ॥ व्वनस्प्प-

तंयुंशान्तिर्व्विश्वेदेवाऽंशान्तिर्ब्रह्मशान्तिऽस-र्वंहशान्तिऽंशान्तिरेवशान्तिऽंसामाशांति-रेधि ॥ १७ ॥

દ્યુલોક, અંતરિક્ષ, પૃથ્વી, જળ, ઔષધ, વનસ્પતિ, સર્વ દેવો, વેદત્રય, સર્વ જગત્, અને શાંતિ—આ સર્વરૂપ જે શાંતિ અથવા જે સ્વરૂપથીજ શાંતિ છે, તે શાંતિ પરમેશ્વરની કૃપાથી મને પ્રાપ્ત થાઓ. ૧૭.

दृतेदृंहमामित्रस्यमाचक्षुषासर्व्वाणिभूतानिसमीक्षन्ताम ॥ मित्रस्याहञ्चक्षुषासर्व्वाणि भूतानिसमीक्षे ॥ मित्रस्यचक्षुषासमीक्षामहे ॥

હે સર્વ વિદારક પરમેશ્વર! આપ મને દૃઢ કરો, (જેથી) સર્વ પ્રાણીમાત્રને મિત્રદૃષ્ટિથી જોઉં. અને મિત્રની દૃષ્ટિથી અમે જોઇએ, એટલે પરસ્પર દ્રોહરહિત વર્તીએ. ૧૮.

दृतेदृंहमा । ज्योक्तेसन्दृशिजीव्यासञ्ज्योक्तेसन्दृशिजीव्यासम ॥ १९ ॥

હે વિદારક (વીર) ઈશ્વર! અમોને દૃઢ કરો; અમે આપની કૃપાથી ચિરકાલ જીવીયે! ચિરકાળ જીવીયે! ૧૯

नमस्तेहरसेशोचिषेनमस्तेऽअस्त्वर्चिषे ॥

अन्याँस्तेऽअस्मत्तपन्तुहेतयं÷पावकोअस्म-
भ्यं शिवोभंव ॥ २० ॥

હે અગ્નિ! સર્વ રસહારક આપના પ્રકાશક તેજને નમસ્કાર છે. આપના કિરણરૂપી આયુધો અમારાથી અન્યને તપાવો, અને પવિત્રતાવાળા આપ અમોને સુખરૂપ થાઓ! ૨૦.

नमंस्ते । अस्तुव्विद्युतेनमंस्तेस्तनयित्नवे ॥
नमंस्तेभगवन्नस्तुयतः स्व÷सुमीहंसे ॥ २१ ॥

હે ભગવન્! જે કારણથી આપ સ્વર્ગમાં ગમન કરો છો, તે કારણથી વિદ્યુત્ અને ગર્જિતરૂપ આપને નમસ્કાર છે. ૨૧.

यतोंयतः समीहंसेततोंनोऽअभंयङ्कुरु ॥
शन्न÷कुरुप्प्रजाभ्योभंयन्नः पशुभ्यं÷ ॥ २२ ॥

હે પરમેશ્વર! જે જે દુશ્ચરિતથી અમોને દૂર કરવાને ચેષ્ટા કરો છો, તે તે દુશ્ચરિતથી અમને અભય કરો, અમારી પ્રજાને સુખી કરો, અને અમારાં પશુઓને અભય કરો. ૨૨.

सुमित्रियानऽआपऽओषंधयः सन्तुदुर्म्मि-
त्रियास्तस्मैसन्तुयोस्मान्द्वेष्टियञ्चंव्वयन्द्वि-
ष्मः ॥ २३ ॥

હે પરમેશ્વર! જલ અને ઓષધી અમારે માટે સુખ-

દાયક થાઓ. અને અમારો જે દ્વેષ કરે છે, અને અમે જેનો દ્વેષ કરીએ છીએ, તેને માટે દુઃખદાયક થાઓ.૨૩

तच्चक्षुर्देवहितम्पुरस्ताच्छुक्रमुच्चरत ॥ पश्येमशरदः शतञ्जीवेमशरदः शतꣳशृणुयामशरदः शतम्प्रब्रवामशरदः शतमदीनाःस्यामशरदः शतम्भूयश्चशरदः शतात् ॥२४॥

આદિત્યરૂપ ચક્ષુ દેવતાઓને હિતકારક જે જગતનું નેત્ર પૂર્વ દિશામાં ઉદય પામેછે, તેની કૃપાથી અમે સૌ સો વર્ષપર્યંત જોઇએ, જીવીયે, સાંભળીયે, બોલીયે, અદીન (શ્રીમંત) રહીએ, અને સો વર્ષથી અધિક વખત પણ તેજ કાર્ય કરીએ (જોઇએ, જીવીયે, ઇત્યાદિ). ૨૪.

इति रुद्राष्टके शान्त्यध्यायः ॥

॥ अथ रुद्रे स्वस्तिप्रार्थनामन्त्राऽध्यायः ॥

हरिः ॐ ॥ स्वस्तिनऽइन्द्रोवृद्धश्रवाःस्वस्तिनः पूषाविश्ववेदाः ॥ स्वस्तिनस्तार्क्ष्योऽअरिष्टनेमिःस्वस्तिनोबृहस्पतिर्दधातु ॥ १ ॥

अथ स्वस्तिवाचनम् ।

હવિરૂપ, પુષ્કળ અંનવાળા ઇન્દ્ર અમારૂં કલ્યાણ કરો; વિશ્વનું જ્ઞાનવાળા પૂષા અમારૂં કલ્યાણ કરો; અરિ-

ષ્ટ (અહિંસિત) રથચક્રવાળા ગરૂડ અમારૂં કલ્યાણ કરો; બૃહસ્પતિ દેવતા અમારૂં કલ્યાણ કરો. ૧.

ॐपयं÷पृथिव्यामपयऽओषधीषुपयोदिव्यु-न्तरिक्षेपयोधाः । पयस्वतीऽप्रदिशं÷सन्तु-मह्यम् ॥ २ ॥

હે અગ્નિ! આપ પૃથ્વી, ઔષધી, સ્વર્ગ, અને અંતરિક્ષમાં રસ ભૂકો અને મારે માટે દિશા અને અવાંતર દિશા સંપૂર્ણ રસયુક્ત થાઓ. ૨.

ॐव्विष्णोरराटमसिव्विष्णोःश्नप्त्रेस्थोवि-ष्णोःस्यूरसिव्विष्णोर्ध्रुवोसि ॥ वैष्णवम-सिव्विष्णवेत्वा ॥ ३ ॥

હે દર્ભમય માલાને ધારણ કરનાર વંશ! તમે વિષ્ણુ (પરિમંડપ) ના લલાટ સ્થાને છો. હે રણ્યંત! તમે વિષ્ણુ (પરિમંડપ)ના ઓષ્ઠ સંધિરૂપ છો, તેમજ પરિમંડપની સૂચિ અને ગ્રન્થિરૂપ છો; હે હવિર્ધાન! તમે વિષ્ણુ દેવતાના સંબંધી છો, એટલા માટે વિષ્ણુ પ્રીત્યર્થ તમોને સ્પર્શ કરૂં છું. ૩.

ॐअग्निर्देवतावातोदेवतासूर्य्योदेवताच-न्द्रमादेवताव्वसवोदेवतारुद्रादेवतादित्यादेव-

**तामुरुतोदेवताव्विश्वेदेवादेवताबृहुस्प्पतिर्देव-
तेन्द्रोदेवताव्वरुणोदेवता ॥ ४ ॥**

અગ્નિ, વાયુ, સૂર્ય, ચંદ્રમા, વસુ, રૂદ્ર, આદિત્ય, મરૂત, વિશ્વેદેવા, બૃહસ્પતિ, ઇન્દ્ર અને વરૂણ, એ સર્વ પ્રસિદ્ધ દેવતા છે. ૪.

**ॐ व्विश्वानि देवसवितर्दुरितानि परासुव ॥
यद्भद्रन्तन्नऽआसुव ॥ ५ ॥**

હે દેવ! સર્વપ્રેરક! તમે સર્વ પાપોને દૂર કરો અને અમોને જે કલ્યાણરૂપ હોય, તે પ્રાપ્ત કરો. ૫.

इति रुद्राष्टाध्यायी समाप्ता ॥

એ પ્રમાણે ગુજરાતી ભાષાન્તરવાળી
રૂદ્રાષ્ટાધ્યાયી સમાપ્ત થઈ.

ॐ शान्तिः । शान्तिः । शान्तिः ।